

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 343
Dt.: 18-10-2025, Saturday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com

### ૫ નવા કેબિનેટમંત્રી, રાજ્ય કક્ષાના ૩ મંત્રીને સ્વતંત્ર હવાલો

# ગુજરાત મંત્રીમંડળ વિસ્તરણ, ૨૬માંથી ૨૧ મંત્રીએ શપથ લીધા

### પૂર્વ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીને રાજ્યના નાયબ મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવીઃ નવા મંત્રીઓને આચાર્ય દેવવ્રતે શપથ લેવડાવ્યા



(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગુજરાતમાં વર્ષ ૨૦૨૭માં આવનારી વિધાનસભાની ચૂંટણી પહેલા રાજકારણમાં મોટી ઉથલપાથલ થઈ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકારના મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવ્યું છે. ગુરુવારે પહેલા જૂના તમામ મંત્રીઓ પાસેથી પહેલા રાજીનામું લઈ લેવાયું હતું અને શુક્રવારે નવા મંત્રીમંડળની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં મુખ્યમંત્રી સહિત ૨૬ નામોની યાદી જાહેર કરાઈ હતી. મુખ્યમંત્રીની નવી કેબિનેટમાં ૧૯ નવા ચહેરાનો સમાવેશ કરાયો છે. જ્યારે ૬ મંત્રીઓને રિપીટ કરાયા છે. જ્યારે ૧૦ મંત્રીઓના પત્તા કાપી દેવાયા છે.

મંત્રીમંડળના ૨૬ સભ્યોમાંથી ૨૧એ શપથ લીધા હતા. શુક્રવારે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ તેમને મંત્રીપદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. ઋષિકેશ પટેલ, કુંવરજી બાવળિયા, પરસોતમ સોલંકી અને કનુભાઈ દેસાઈએ શપથ લીધા નહોંતા. નવા મંત્રીમંડળમાં યુવાનોને અગ્રતા આપવાની ભારતીય જનતા પાર્ટીની નીતિ સ્પષ્ટ દેખાઈ આવી છે. સૌથી મહત્વની જાહેરાત તરીકે, મજૂરાના ધારાસભ્ય અને પૂર્વ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીને રાજયના નાયબ મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. સંઘવીએ સૌથી પહેલી શપથ લીધા હતા. તેમની નિમણૂક પક્ષમાં યુવા નેતૃત્વને પ્રોત્સાહન આપવા અને તેમના અગાઉના કાર્યકાળના પ્રદર્શનનું પરિણામ માનવામાં આવે છે.

મંત્રીઓની પસંદગી ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના પ્રતિનિધિત્વને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. નવા મંત્રીમંડળમાં ૮ ઓબીસી, ૪ પાટીદાર, ૪ એસટી અને ૩ એસસી નેતાઓને સ્થાન મળ્યું છે. આ મંત્રીમંડળમાં ત્રણ મહિલાઓનો પણ સમાવેશ કરાયો છે.

**નવા મંત્રીમંડળમાં કોનો-કોનો સમાવેશ કરાયો :** નવા મંત્રીમંડળમાં ભૂપેન્દ્ર પટેલ સહિત જે ૨૬ મંત્રીઓનો સમાવેશ કરાયો છે, તેમાં હર્ષ સંઘવી નાયબ મુખ્યમંત્રી પદે શપથ લીધા હતા. જ્યારે ઋષિકેશ પટેલ, જીતુ વાઘાણી, કનુભાઈ દેસાઈ, કુંવરજી બાવળિયા, નરેશ પટેલ, અર્જુન મોઢવાડિયા, પ્રદ્યુમન વાજા, રમણ સોલંકીને કેબિનેટ મંત્રી બનાવાયા છે. તેમજ ઈશ્વર પટેલ, પ્રફુલ પાનસેરીયા, મનિષા વકીલને રાજ્ય કક્ષાનો સ્વતંત્ર હવાલો અપાયો છે. કાંતિ અમૃતિયા, રમેશ કટારા, દર્શના વાઘેલા, પ્રવીણ માલી, સ્વરૂપ ઠાકોર, જયરામ ગામીત, રિવાબા જાડેજા પીસી બરંડા, સંજય મહિડા, કમલેશ પટેલ, ત્રિકમ છાંગા અને કૌશિક વેકરિયાને રાજ્ય કક્ષાના મંત્રીઓનું પદ અપાયું છે.

**કોનું પત્તું કપાયું :** જૂના મંત્રીઓમાંથી બળવંતસિંહ રાજપૂત, રાઘવજી પટેલ, ભાનુબેન બાબરિયા, મૂળી બેરા, કુબેર ડિંડોર, જગદીશ વિશ્વકર્મા, મુકેશ પટેલ, ભીખુસિંહ પરમાર, બચુ ખાબડ, કુંવરજી હળપતિનું પત્તું કપાયું છે.

**કોને રિપીટ કરાયા :** જૂના મંત્રીઓમાંથી હર્ષ સંઘવી, કનુ દેસાઈ, ઋષિકેશ પટેલ, કુંવરજી બાવળિયા, પ્રફુલ પાનશેરિયા, પરસોત્તમ સોલંકીને રિપીટ કરાયા છે. આ શપથગ્રહણ સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપ અધ્યક્ષ જે.પી. નડ્ડા, ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા સહિત ભાજપના તમામ ધારાસભ્યો ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નવા મંત્રી મંડળના વિસ્તરણને લઈને અમરેલી જિલ્લાના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. લાંબા સમયથી અમરેલી જિલ્લાને મંત્રીમંડળમાં સ્થાન મળશે કે કેમ તેની અટકળોનો અંત આવ્યો છે. અમરેલી જિલ્લાના ધારાસભ્યો પૈકી કોઈ એકને મંત્રી પદ મળે તેવી પ્રબળ સંભાવના વચ્ચે અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરિયાને મંત્રીમંડળમાં સ્થાન મળતા અમરેલીમાં ભાજપના કાર્યકરો ખુશખુશાલ જોવા મળ્યા હતા. કૌશિક વેકરિયાના કાર્યાલય કર્તવ્યમ પર કાર્યકરોએ આતશબાજી કરી ખુશી વ્યક્ત કરી હતી. મંત્રીમંડળમાં અનેક જૂના મંત્રીઓને ફરી તક છે, જેમને નવા ચહેરાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે , જેનાથી મંત્રીમંડળનું કદ વધ્યું છે. કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા કેટલાક ધારાસભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. નાયબ મુખ્યમંત્રી બનાવવાની પણ ચર્ચા ચાલી રહી છે. જો કે આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરાઈ નથી. સરકારના આ મોટા ફેરફારને આગામી મહત્ત્વપૂર્ણ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અને ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીઓ પહેલાં પક્ષના સંગઠન અને શાસનમાં નવી ઊર્જા અને નવા ચહેરાને તક આપવાની વ્યૂહરચનાના ભાગ રૂપે જોવામાં આવે છે. આ પગલું સત્તાવિરોધી લહેરને ઘટાડવા અને જ્ઞાતિ તથા પ્રાદેશિક સંતુલનને જાળવવા માટે ભાજપ હાઈકમાન્ડ દ્વારા લેવામાં આવ્યું હોવાનું માનવામાં આવે છે. નોંધનીય છે કે, આ શપથવિધિ સમારોહ પહેલા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં રાજભવનમાં આજે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી સાથે મુલાકાત લીધી હતી. આ દરમિયાન મુખ્યમંત્રીએ ગુજરાતના મંત્રી મંડળની વર્તમાન સ્થિતિ અંગે રાજ્યપાલને માહિતગાર કર્યા હતા. તેમજ રાજ્યપાલ પાસેથી મંત્રી મંડળના સભ્યોની શપથવિધિ યોજવા મંજૂરી માંગી હતી.

### હર્ષ સંઘવી ગુજરાતના છઠ્ઠા ડેપ્યુટી સીએમ બન્યા છે

## હર્ષ સંઘવીને ભાજપે મોટું પ્રમોશન આપીને બનાવ્યા ગુજરાતના ડેપ્યુટી CM

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગુજરાતમાં ભાજપે ફરી એકવાર ડેપ્યુટી સીએમની ફોર્મ્યુલા પર પાછી ફરી છે. શુક્રવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળના વિસ્તરણ અને ફેરબદલમાં સુરતથી આવતા હર્ષ સંઘવીનું મોટું પ્રમોશન આપ્યું. તેમને રાજ્યના નાયબ મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. છેલ્લા ચાર વર્ષથી રાજ્યમાં કોઈ ડેપ્યુટી સીએમ નહોતું. હર્ષ સંઘવી અત્યાર સુધી ભૂપેન્દ્ર પટેલ સરકારમાં ગૃહ રાજ્ય મંત્રીની સાથે પરિવહન અને રમતગમત વિભાગ સ્વતંત્ર પ્રભાર તરીકે સંભાળી રહ્યા હતા. હવે તેમને મોટી પદોન્નતિ આપવામાં આવી છે. તેઓ ગુજરાતના છઠ્ઠા ડેપ્યુટી સીએમ બન્યા છે. આ પહેલા રાજયમાં નીતિન પટેલ અંતિમ ડેપ્યુટી સીએમ હતા.૮ જાન્યુઆરી, ૧૯૮૫ના રોજ જન્મેલા હર્ષ સંઘવીની હાલની ઉંમર ૪૦ વર્ષ છે. હર્ષ સંઘવી અગાઉ ભાજપ યુવા મોર્ચાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રહી ચૂક્યા છે. તેઓ ૨૦૧૨માં ચૂંટણી જીતીને પહેલીવાર ધારાસભ્ય બન્યા હતા. ત્યારથી સતત તેઓ સુરતની મજૂરા બેઠક પરથી ચૂંટણી જીતી રહ્યા છે. ગત ચૂંટણીઓમાં તેમણે આપના ઉમેદવાર અને પૂર્વ ભાજપ નેતા પીવીએસ શર્માને ૧.૧૬ લાખથી વધુ વોટોના અંતરથી હરાવ્યા હતા.

હર્ષ સંઘવી અત્યાર સુધી ગુજરાતમાં રમતગમત, યુવા સેવા, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન-નિવાસી ગુજરાતી પ્રભાગ, પરિવહન, ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ, નાગરિક સુરક્ષા, જેલ, સરહદ સુરક્ષા (તમામ સ્વતંત્ર પ્રભાર), ગૃહ અને પોલીસ આવાસ, ઉદ્યોગ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજ્ય મંત્રી હતા. હર્ષ સંઘવીએ ૧૫ વર્ષની ઉંમરે રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. તેમના પિતા હીરાના વેપારી હતા. તેમના પિતાનું નામ રમેશ કુમાર સંઘવી અને માતાનું નામ દેવેન્દ્રબેન સંઘવી છે. સંઘવીએ ધોરણ નવ સુધી અભ્યાસ કર્યો છે. તેમની પત્નીનું નામ પ્રાચી છે, જે ગૃહિણી છે. હર્ષ સંઘવીને બે સંતાન છે. પુત્રનું નામ આરુષ અને પુત્રીનું નામ નિરવા છે. હર્ષ સંઘવી રાજનેતા હોવાની સાથે હીરાના વેપારી પણ છે. જ્યારે તેમના પિતાનું નિધન થયું, ત્યારે ઉદ્યોગપતિ ગૌતમ અદાણી પણ તેમના ઘરે પહોંચ્યા હતા. હર્ષ સંઘવી પાસે ૧૨.૩૨ કરોડની સંપત્તિ છે. જેમાં આભૂષણોની સાથે એક ટોયોટા ફોર્ચ્યુનર ગાડીનો સમાવેશ થાય છે. તેમની પત્નીનું ઘણી કંપનીઓમાં રોકાણ છે. જેનું કુલ મૂલ્ય છેલ્લા સોગંદનામા મુજબ રૂ.૧૦.૫૧ કરોડ છે. આ ઉપરાંત, તેમની પાસે ૫.૧૦ કરોડની સ્થાવર મિલકત છે. જેમાં તેમનું ઘર સામેલ છે.

## હવે યમુના એક્સપ્રેસ વે પર ભડભડ કરતી સળગી બસ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ગ્રેટર નોઈડાના દનકૌર કોતવાલી ક્ષેત્રમાંથી પસાર થતા યમુના એક્સપ્રેસ-વે પર ગુરુવારે રાત્રે એક ચાલુ બસમાં અચાનક ભીષણ આગ લાગવાની ઘટના બની હતી. જોકે, બસના ડ્રાઈવરની સમયસૂચકતા અને પોલીસની મદદથી બસમાં સવાર લગભગ ૫૦ જેટલા મુસાફરોનો આબાદ બચાવ થયો હતો.પ્રાપ્ત માહિતી અનુસાર, એક ખાનગી બસ પંજાબના લુધિયાણાથી આગરા તરફ જઈ રહી હતી. બસ જ્યારે ગ્રેટર નોઈડાથી યમુના એક્સપ્રેસ-વે પર હતી, ત્યારે બસની છત પર રાખેલા સામાનમાં અચાનક આગ લાગી ગઈ હતી. શરૂઆતમાં આગ લાગવાનું કારણ ફટાકડા હોવાનું માનવામાં આવે છે.બસના ડ્રાઈવરને જ્યારે આગ લાગ્યાની જાણ થઈ, ત્યારે તેણે તુરંત એક્સપ્રેસ-વે પર જ બસને રોકી દીધી હતી. આગને કારણે બસની અંદર બેઠેલા ૫૦ જેટલા મુસાફરોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. તમામ મુસાફરો ઝડપથી બસમાંથી બહાર નીકળી ગયા હતા. બાદમાં ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો.આ ઘટના અંગે દનકૌર પોલીસે જણાવ્યું કે, આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. જોકે, બસની છત પર રાખેલો સામાન બળીને ખાખ થઈ ગયો છે. દનકૌર કોતવાલીના પ્રભારી મુનેન્દ્ર સિંહે જણાવ્યું કે આગ લાગવાનું ચોક્કસ કારણ હજી સ્પષ્ટ થયું નથી, પરંતુ આ મામલે તપાસ ચાલી રહી છે.

## બિહાર ચૂંટણી : મુકેશ સહનીના નિર્ણયથી મહાગઠબંધન ટેન્શનમાંઃ તમામ બેઠકો પર ઉતારશે ઉમેદવારો

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

બિહાર વિધાનસભા ચૂંટણી પહેલાં મહાગઠબંધનમાં સામેલ વિકાસશીલ ઈન્સાન પાર્ટી (VIP)ના પ્રમુખ મુકેશ સહનીએ મોટી જાહેરાત કરી છે.

તેમણે કહ્યું કે, તેઓ પોતે આ વખતે વિધાનસભા ચૂંટણી લડશે નહીં, પરંતુ રાજ્યની તમામ ૨૪૩ બેઠકો પર પોતાની પાર્ટીના ઉમેદવારો ઉતારશે અને દમદાર પ્રચાર કરશે.

મુકેશ સહનીએ દરભંગાના ગૌરાબૌરામ વિધાનસભા ક્ષેત્રમાં પોતાના ભાઈ સંતોષ સહનીના નામાંકન માટે પહોંચ્યા હતા, ત્યારે મીડિયા સાથેની વાતચીતમાં તેમણે આ જાહેરાત કરી હતી. આ સાથે તેમણે દાવો કર્યો છે કે, અમારી સરકાર બનશે અને હું બિહારનો નાયબ મુખ્યમંત્રી બનીશ.

### બિહારમાં આખરી મતદાર યાદી પ્રસિદ્ધ થયા પછી

## નામ કમી બાબતે એક પણ અપીલ થઈ નથીઃ ચૂંટણી પંચ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન ચૂંટણી પંચે બિહારમાં SIR અંતર્ગત હાથ ધરાયેલી મતદાર યાદી સુધારણા ઝુંબેશને સચોટ ઠેરવતા દલીલ કરી હતી કે, રાજકીય પક્ષો અને એનજીઓ દ્વારા સમગ્ર પ્રક્રિયાને બદનામ કરવા માટે જૂઠ્ઠા આરોપ મૂકવામાં આવ્યા છે. આખરી મતદાર યાદિ પ્રસિદ્ધ થયા પછી નામ કમી બાબતે એક પણ મતદાર તરફથી અપીલ થઈ નથી. બિહારમાં રેલી અને પ્રચારના કારણે સુનાવણી દરમિયાન રાજકીય પક્ષોની ગેરહાજરીની નોંધ લેતાં જસ્ટિસ સૂર્યા કાંત અને જોયમાલ્યા બાગચીએ કહ્યું હતું કે, ચૂંટણી પંચે મતદાર યાદીમાં ટાઈપોગ્રાફી ભૂલો દૂર કરવા પગલાં લેવા જોઈએ.

SIR હેઠળ હાથ ધરાયેલી કામગીરીને પડકારતી અરજીઓને ફગાવી દેવા માટે ચૂંટણી પંચ તરફથી રજૂઆત થઈ હતી. પંચ તરફથી દલીલ થઈ હતી કે, રાજકીય પક્ષોના ચૂંટણી હિતોને જાળવવાના ઈરાદેથી SIRની કવાયત તથા ચૂંટણી પંચને બદનામ કરવા પ્રયાસ થયા છે અને અરજદારો માત્ર જૂઠ્ઠા આક્ષેપો કરીને સંતુષ્ટ છે. ચૂંટણી પંચની એફિડેવિટમાં રજૂઆત થઈ હતી કે, રાજકીય પક્ષોના બૂથ લેવલ એજન્ટ્સ અને જાગૃત નાગરિકોએ કે સંસ્થાઓએ તમામ લાયક મતદારોને યાદીમાં સમાવવા બાબતે કોઈ નોંધપાત્ર યોગદાન આપ્યું નથી. રાજકીય પક્ષો અને અરજદારોનો અભિગમ ચૂંટણી પંચને બદનામ કરવાનો અને SIR પ્રક્રિયામાં ભૂલો કાઢવાનો રહ્યો છે. જ્યારે ચૂંટણી પંચે 90,000થી વધુ બ્લોક લેવલ ઓફિસર્સની નિમણૂક કરી છે અને બૂથ લેવલ એજન્ટ્સની નિમણૂક કરવા માટે રાજકીય પક્ષોને સક્રિય કર્યા છે.

ઘરે-ઘરે એકથી વધુ મુલાકાત લઈને SIRની યાદી બનાવવામાં આવી છે અને તેની વિગતો વેબસાઈટ પર અપલોડ થયેલી છે.સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને ટાઈપોગ્રાફી એરર તથા અન્ય ભૂલો સુધારવા નિર્દેશ આપ્યા છે. બિહારમાં આખરી મતદાર યાદી તૈયાર કરતી વખતે જવાબદાર સત્તામંડળ તરીકે પંચે આ કામગીરી કરવી જોઈએ, તેવી ટકોર સુપ્રીમ કોર્ટે કરી હતી. આ કેસની આગામી સુનાવણી 4 નવેમ્બરે રાખવામાં આવી છે.

એનજીઓ એસોસિએશન ઓફ ડેમોક્રેટિક રીફોર્મ્સ તરફથી રજૂઆત કરતા એડવોકેટ પ્રશાંત ભૂષણે દલીલ કરી હતી કે, પોતાના નામ માટે દાવો કરનારા મતદારોના નામ આખરી યાદીમાં સમાવાયા નથી.

ચૂંટણી પંચે 7 ઓક્ટોબરે આ કેસની સુનાવણી દરમિયાન નામ ખોટા હોવાનો દાવો કર્યો હતો, પરંતુ આ નામ સાચા હતા. ચૂંટણી પંચે SIRની કવાયતમાં પારદર્શિતા રાખવા માટે નામ કમી થયા હોય તેવા મતદારોની યાદી પ્રસિદ્ધ કરવી જોઈએ.

## પાકિસ્તાન પોતાની નિષ્ફળતા માટે પડોશીને જવાબદાર ઠેરવે છેઃ ભારત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતે પાકિસ્તાન સાથેની લડાઈના મામલે ખુલ્લેઆમ અફઘાનિસ્તાનનું સમર્થન કર્યું છે. તેણે કહ્યું છે કે આતંકવાદને પ્રોત્સાહન આપવાનો પાકિસ્તાનનો ઈતિહાસ રહ્યો છે. તે (પાક.) તેની આંતરિક નિષ્ફળતા માટે કાયમ પડોશીઓ પર દોષનો ટોપલો ઢોળે છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ભારત આ અથડામણોથી ઊભી થઈ રહેલી સ્થિતિ પર બારીકાઈથી નજર રાખી રહ્યું છે. તેમણે એવું પણ સ્પષ્ટ કર્યું હતું કે પાક.ના પગલાથી સ્થિતિ વણસી છે.

ભારત અફઘાનિસ્તાનની સાર્વભૌમત્વ, પ્રાદેશિક અખંડિતતા અને સ્વતંત્રતા પ્રત્યે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.તેમણે ઉમેર્યુ હતું કે 'ત્રણ બાબતો સ્પષ્ટ છે. એક પાકિસ્તાન આતંકી સંગઠનોને પોષે છે અને આતંકી પ્રવૃત્તિઓને સ્પોન્સર કરે છે. બીજું, પોતાની આંતરિક નિષ્ફળતાની જવાબદારી પડાશીઓ પર થોપવાની પાકિસ્તાનની વૃત્તિ છે. ત્રીજું, અફઘાનિસ્તાન પોતાના પ્રદેશો પર સાર્વભૌમત્વનો ઉપયોગ કરી રહ્યું છે તેનાથી પાકિસ્તાન ગુસ્સે છે.' ઉલ્લેખનીય છે કે પાકિસ્તાને અફઘાનિસ્તાન સાથેની તેની લડાઈ માટે ભારતને જવાબદાર ઠેરવી રહ્યું છે. જોકે ભારતે તેનું ખંડન કર્યું હતું. પરંતુ હવે ભારતે ખુલીને આ મામલે અફઘાનનું સમર્થન કર્યું છે. ગત અઠવાડિયાથી અફઘાનિસ્તાન અને પાકિસ્તાન સરહદે લડાઈ ફાટી નીકળી હતી. તે વખતે ભારતની મુલાકાતે આવેલાં તાલિબાનના વિદેશ મંત્રી આમિર ખાન મુત્તાકીએ સ્પષ્ટ કર્યું હતું કે અફઘાનની જમીનનો કોઈ વિદેશીઓ દ્વારા આતંકી પ્રવૃત્તિઓ માટે ઉપયોગમાં નહિ થવા દઈએ.



# તંત્રી લેખ......

## ટ્રમ્પને હજુ 'નોબેલ'ની આશા

પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ અવારનવાર ભારતને એક 'મહાન દેશ', મારો સારો મિત્ર શિખર ઉપર' કહીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને નવાજે છે. સંબંધ સુધારવાની આ એક શરૂઆત છે એમ લાગે છે. વાસ્તવમાં ભારત સાથે સંબંધ સુધારવા સિવાય કોઈ વિકલ્પ જ નથી એ વાસ્તવિકતા ટ્રમ્પ સ્વીકારે છે, પણ ટેરિફ આક્રમણ કર્યા પછી હવે તેમાં છૂટછાટ આપે તો જ સંબંધ સુધરી શકશે તે હકીકત છે. વડાપ્રધાન મોદીએ પણ ટ્રમ્પનાં નિવેદનોનો યોગ્ય પ્રતિસાદ આપ્યો છે. ગાઝામાં સમાધાન - યુદ્ધવિરામ થયા પછી મોદીએ ટ્રમ્પને અભિનંદન આપ્યા છે અને તેની નોંધ લઈને ટ્રમ્પે 'મહાન દેશ અને અચ્છા મિત્ર'નો અલગ અંદાજમાં આભાર માન્યો છે. ભારત - રશિયા અને ચીનની મૈત્રી પછી ટ્રમ્પને વિશ્વમાં બદલાતા યુગનું ભાન થયું છે. કોઈ કાયમી મિત્ર - અચ્છા મિત્ર હોય નહીં તો કોઈ દુશ્મન - દુશ્મની પણ કાયમની હોતી નથી - આ સંદેશ મોદીએ આપી દીધો છે. ટ્રમ્પે ચીનને ધમકાવવાનો પ્રયાસ તાજેતરમાં કર્યો છે અને ચીને જવાબ પણ આપ્યો છે. ગાઝામાં યુદ્ધવિરામ અથવા યુદ્ધ બંધ કરાવ્યા પછી ટ્રમ્પે ઈજિપ્તની ધરતી ઉપર વિશ્વના દેશોના નેતાઓની શિખર પરિષદ યોજી - સૌએ ટ્રમ્પને અભિનંદન આપ્યાં. ટ્રમ્પે ભાષણમાં પાકિસ્તાની વડાપ્રધાન શાહબાઝ શરીફ તથા ફિલ્ડ માર્શલ મુનીરના પણ વખાણ કર્યા અને ભારત - પાકિસ્તાન હવે સારા પાડોશી બનશે એવી આશા વ્યક્ત કરી, પણ ઓપરેશન સિંદૂરમાં યુદ્ધવિરામ કરાવ્યાનો દાવો કર્યો નહીં તેનું આશ્ચર્ય છે!

હવે તેઓ ભારતને વધુ છંછેડવા માગતા નથી એમ માની શકાય. પાકિસ્તાનને પણ સલાહ આપી છે કે હવે છૂંછી - દુઃસાહસ કરતા નહીં! પાકિસ્તાની ફિલ્ડ માર્શલ મુનીર આ પ્રસંગે હાજર ન હતા. મુનીરે ટ્રમ્પનાં નામની ભલામણ કરીને નોબેલ શાંતિ એવોર્ડ અપાવવાની ખાતરી આપી હતી, પણ આશા ફળી નહીં. હવે વડાપ્રધાન શાહબાઝ શરીફે આવી ખાતરી આપી છે - ટ્રમ્પે યુદ્ધવિરામનો ઉલ્લેખ કર્યો નહીં, પણ શરીફને ભાષણ કરવા બોલાવ્યા. શરીફે કહ્યું કે, આ મહાનુભાવે જો દખલ કરી હોત નહીં તો બંને અણુસત્તા વચ્ચે યુદ્ધ ભારે વિનાશકારક બનીને શું થયું તે કહેવા કોઈ જીવતું હોત નહીં! તેઓ હજુ ટંગડી ઊંચી બતાવી રહ્યા છે! અને ટ્રમ્પ એમની વાહ - વાહ કરતા રહ્યા! ગાઝા સમાધાન સામે પાકિસ્તાનમાં વિરોધ આંદોલન ચાલે છે, શરીફ અને મુનીરે હમાસને દગો આપ્યાનો આક્રોશ છે, ત્યારે શાહબાઝ શરીફે ઈજિપ્તની 'શિખર પરિષદ'માં ટ્રમ્પને અભિનંદન આપીને ફરીથી નોબેલ માટે ભલામણ કરવાની ખાતરી આપી તે પછી પાકિસ્તાનમાં હિંસક દેખાવો વધી રહ્યા છે. આ સંજોગોમાં મુનીર કોઈ આતંકી પગલાંની હિંમત કરશે?

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાનો વાયદો રૂ.૧.૩૨ લાખ અને ચાંદી-મિની તથા ચાંદી-માઈક્રો વાયદા રૂ.૧.૭૨ લાખના ઓલ ટાઈમ હાઈ સ્તરે

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૭૨૩૯૦.૪૯ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૨૧૩૪૧.૦૫ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૬૬૦૭૨.૨૧ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૧૧૯૫ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૯૩૭૪૧.૩૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૭૨૩૯૦.૪૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૨૧૩૪૧.૦૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૩૧૧૯૫ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૦૭૧.૫ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૬૬૦૭૨.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૧૦૨૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૨૨૯૪ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૩૦૭૧૨ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૯૮૫૨ના આગલા બંધ સામે રૂ.૯૩૪ વધી રૂ.૧૩૦૭૮૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ઓક્ટોબર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૮૨૬ વધી રૂ.૧૦૬૨૦૨ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ ઓક્ટોબર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૨૧ વધી રૂ.૧૩૨૬૫ થયો હતો. સોનું-મિની નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૯૭ વધી રૂ.૧૨૯૯૩૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૯૯૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૧૯૧૬ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૨૯૯૯૯ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૯૨૭૪ના આગલા બંધ સામે રૂ.૧૩૨૬ વધી રૂ.૧૩૦૬૦૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૬૮૧૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૭૦૪૧૫ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૬૭૦૦૬ના મથાળે અથડાઈ, રૂ.૧૬૭૬૬૩ના આગલા બંધ સામે રૂ.૮૬ વધી રૂ.૧૬૭૭૪૯ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૧૨૫૩ વધી રૂ.૧૭૦૫૯૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૧૩૧૧ વધી રૂ.૧૭૦૬૫૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર વાયદો ઊંચામાં રૂ.૧,૭૨,૩૯૮ અને ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો ઊંચામાં રૂ.૧,૭૨,૫૪૧ના ઓલ ટાઈમ હાઈને સ્પર્શ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૯૩૯.૧૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ઓક્ટોબર વાયદો રૂ.૧.૯૫ ઘટી રૂ.૯૯૧.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત ઓક્ટોબર વાયદો રૂ.૧.૧ ઘટી રૂ.૨૯૦.૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ઓક્ટોબર વાયદો ૬૫ પૈસા ઘટી રૂ.૨૬૨.૮ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ઓક્ટોબર વાયદો ૫૦ પૈસા ઘટી રૂ.૧૭૭.૫ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૨૭૭૦.૭૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓક્ટોબર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૨૯૫૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૯૬૨ અને નીચામાં રૂ.૨૯૪૦ના સ્તરને સ્પર્શી, રૂ.૫ ઘટી રૂ.૨૯૫૫ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો બેરલદીઠ રૂ.૫૦૬૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૨૫૬ અને નીચામાં રૂ.૪૯૮૬ના સ્તરને સ્પર્શી, રૂ.૫૦૬૬ના આગલા બંધ સામે રૂ.૮ ઘટી રૂ.૫૦૫૮ થયો હતો. ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૭ ઘટી રૂ.૫૦૫૯ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૯ ઘટી રૂ.૨૫૮ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૨.૨ ઘટી રૂ.૨૫૭.૯ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓક્ટોબર વાયદો કિલોદીઠ રૂ.૯૩૨.૮ના ભાવે ખૂલી, રૂ.૧.૯ ઘટી રૂ.૯૨૮.૩ થયો હતો. એલચી ઓક્ટોબર વાયદો કિલોદીઠ રૂ.૨૫૦૫ના ભાવે ખૂલી, રૂ.૧ ઘટી રૂ.૨૫૮૭ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૩૬૭૯૯.૭૭ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૯૨૭૨.૪૪ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૨૩૫૮.૮૩ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૧૧.૬૨ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૮.૯૭ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૩૯.૩૦ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૪.૭૧ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૦૯૨.૨૨ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૬૭૩.૭૮ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૦.૬૭ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૧.૦૨ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૮૧૫૭ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૭૪૧૧૫ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૭૨૩૪ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૬૭૬૯૧ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૩૧૭૩૦ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૩૩૬૦૫ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૬૪૦૪૨ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૭૭૭૯૮ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૬૦૯ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૫૧૩૦ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૫૦૭૯૧ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૩૧૫૫૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૧૬૦૭ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૧૧૯૫ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૩૪૦ પોઈન્ટ વધી ૩૧૧૯૫ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨.૮ ઘટી રૂ.૨૩૩.૩ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૭ ઘટી રૂ.૭.૫૫ના ભાવે બોલાયો હતો.

સોનું ઓક્ટોબર રૂ.૧૩૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૫૬ વધી રૂ.૩૦૫૮ થયો હતો. આ સામે ચાંદી ઓક્ટોબર રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦૦૪ વધી રૂ.૭૨૭૮ થયો હતો. તાંબું ઓક્ટોબર રૂ.૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૦૭ ઘટી રૂ.૧૩ના ભાવે બોલાયો હતો. જસત ઓક્ટોબર રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૨૮ પૈસા ઘટી રૂ.૧.૮ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૮.૪ વધી રૂ.૨૦૧.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૫ પૈસા વધી રૂ.૯.૯ થયો હતો.

સોનું ઓક્ટોબર રૂ.૧૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૭.૫ વધી રૂ.૬૦૫ થયો હતો. આ સામે ચાંદી ઓક્ટોબર રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦૬ ઘટી રૂ.૧૩૬૦ થયો હતો.

# ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયન પ્રમુખ પુતિન વચ્ચે ફોન પર વાત થઈ

### પુતિને ચેતવણી આપી હતી કે, જો અમેરિકા યુક્રેનને ટોમાહોક મિસાઈલો આપવામાં આવશે, તો તેઓ પરિસ્થિતિ પલટી નાખશે

(સંપૂર્ણ સમાચાર સેવા)મોસ્કો, US પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયન પ્રમુખ પુતિન વચ્ચે ફોન પર લગભગ અઢી કલાક વાત ચાલી હતી. બંને રાષ્ટ્રના વડાઓએ રશિયા-યુક્રેન યુદ્ધનો અંત, જી શસ્ત્ર પુરવઠો અને દ્વિપક્ષીય વેપાર સહિત અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. પુતિને ગાઝા શાંતિ કરાર પર ટ્રમ્પને પણ અભિનંદન આપ્યા હતા. ફોન કોલ બાદ, રાષ્ટ્રપતિ ટ્રમ્પે તેમના ટ્રૂથ સોશિયલ એકાઉન્ટ પર એક પોસ્ટમાં પુતિન સાથેની તેમની વાતચીતની માહિતી શેર કરી હતી.રાષ્ટ્રપતિ ટ્રમ્પે જણાવ્યું કે, રાષ્ટ્રપતિ પુતિન સાથેનો ફોન કોલ યુક્રેન સંકટનો અંત લાવવા પર કેન્દ્રિત હતો. રાષ્ટ્રપતિ પુતિને યુદ્ધની વર્તમાન સ્થિતિ જણાવી હતી અને ચેતવણી આપી કે, જો યુક્રેનને ટોમાહોક મિસાઈલો આપવામાં આવશે, તો તેઓ પરિસ્થિતિ પલટી નાખશે. યુક્રેનિયન રાષ્ટ્રપતિ ઝેલેન્સકી મિસાઈલોની માંગ કરી રહ્યા છે અને સોદા માટે વાટાઘાટો કરવા માટે વોશિંગ્ટન આવી ચૂક્યા છે. જો યુક્રેનને ટોમાહોક મિસાઈલો મળશે, તો તેની અસર યુએસ-રશિયન સંબંધો પર પણ પડશે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે જાહેરાત કરી કે, તેઓ યુક્રેન કટોકટી ઉકેલવા માટે આગામી ૧૫ દિવસમાં રશિયન રાષ્ટ્રપતિ પુતિન સાથે મુલાકાત કરશે. અલાસ્કા પછી, બીજી યુક્રેન શાંતિ સમિટ હંગેરીના બુડાપેસ્ટમાં યોજાશે. હંગેરીના વડા પ્રધાન વિક્ટર ઓર્બને ટ્રમ્પ-પુતિન યુક્રેન શાંતિ વાટાઘાટોનું આયોજન કરવાની તકનું સ્વાગત કર્યું અને તેમના દેશ હંગેરીને શાંતિનો ટાપુ ગણાવ્યો હતો. આગામી સાત દિવસમાં રશિયન અને યુએસ વિદેશ પ્રધાનો માર્કો રુબિયો અને સેર્ગેઈ લવરોવ વચ્ચે ઉચ્ચ સ્તરીય બેઠક યોજાશે. અલાસ્કામાં ટ્રમ્પ અને પુતિન વચ્ચેની બેઠકનું કોઈ પરિણામ આવ્યું નથી. તેમણે આઠ યુદ્ધો રોક્યા હોવાના પોતાના દાવાને પુનરાવર્તિત કર્યો હતો.

રાજકોટના કુવાડવા રોડ પરના આવાસ યોજનાની ઘટના

# વૃધ્ધ પત્નીની હત્યા કરી પતિ લાશ પાસે માફી માંગી ધ્રૂસકે-ધ્રૂસકે રડયો

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ કુવાડવા રોડ પર સ્વામિનારાયણ મંદિરની બાજુમાં આવેલા નરસિંહ મહેતા આવાસ યોજનાના કવાર્ટરમાં રહેતાં જયેન્દ્ર બચુભાઈ ધકાણ (ઉ.વ. ૬૦)એ પત્ની મંજુબેન (ઉ.વ. ૬૫)ની આજે વહેલી સવારે ગળેટૂંપો દઈ, ઠંડે કલેજે, હત્યા કરી નાખી હતી. હત્યા બાદ પત્નીની લાશ પાસે બેસી જઈ ધુસ્કે-ધુસ્કે રડી માફી માંગી હતી. પત્નીને છેલ્લા સાતેક માસથી આખા શરીરમાં અસહ્ય દુઃખાવો થતો હોવાને કારણે તેની પીડા નહીં જોવાતા હત્યા કરી નાખ્યાની કબુલાત આપી છે.

આજે સવારે સાતેક વાગ્યાના અરસામાં રિક્ષા ચલાવતો જયેન્દ્ર બી-ડિવીઝન પોલીસ મથકે પહોંચ્યો હતો. ફરજ પરના પીએસઓને પત્નીની હત્યા કર્યાનું જણાવી સમર્પણ કર્યુ હતું. તે સાથે જ પીએસઓએ તેને પોલીસ મથકમાં બેસાડી દીધો હતો. જાણ થતાં પીઆઈ સહિતના અધિકારીઓ દોડી આવ્યા હતા. તત્કાળ જયેન્દ્રના ઘરે જઈ જોતાં તેની પત્ની મંજુબેનની લાશ મળી આવી હતી.

સ્થળ પર જરૂરી કાર્યવાહી કરી લાશને પોસ્ટમોર્ટમ માટે સિવીલમાં ખસેડી હતી. પુછપરછમાં જયેન્દ્રએ એવી કબુલાત આપી હતી કે ૨૦૦૫ની સાલમાં તે સાધુ વાસવાણી રોડ ઉપર સિક્યુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતો હતો ત્યારે મંજુબેન સાથે પરિચય થતાં બંને પતિ-પત્નીની જેમ સાથે રહેવા લાગ્યા હતા. ત્યાર પછી નરસિંહ મહેતા આવાસ યોજનાના કવાર્ટરમાં રહેવા આવ્યા હતા. તેની પત્નીને છેલ્લા સાતેક માસથી શરીરમાં અસહ્ય દુઃખાવો થતો હતો. જેને કારણે તેની પત્ની સરખી રીતે ઉભા રહી કે બેસી શકતી ન હતી. એટલું જ નહીં ગમે ત્યાં ઝાડુ-પેશાબ કરી નાખતી હતી. દુઃખાવો સહન થતો ન હોવાથી ખુબજ બુમ-બરાડા પાડતી રહેતી હતી. એટલું જ નહીં મનમાં જે આવે તે બોલતી રહેતી હતી. તેનાથી પત્નીની આ પીડા જોવાતી ન હતી. વળી તેની પત્ની સારવાર કરાવવાની પણ ના પાડતી હતી. જેને કારણે તે કંટાળી ગયો હતો. આજે સવારે તેની પત્ની બાથરૂમ ગઈ હતી. જયાં પડી જતાં બૂમો પાડવાનું શરૂ કર્યું હતું. જે સાંભળી તે નિંદ્રામાંથી જાગી ગયો હતો. ત્યાર પછી બાથરૂમમાંથી પત્નીને લઈ સેટી સુધી પહોંચ્યો હતો. સેટી પર પત્નીને સુવડાવી તેનું ગળું દબાવી દીધું હતું. થોડી વારમાં જ તેની પત્ની તરફડિયા મારી શાંત પડી ગઈ હતી. આ પછી એકાદ કલાક સુધી લાશ પાસે બેઠો રહ્યો હતો. રડતા-રડતા પત્નીની લાશ પાસે માફી માંગી કહ્યું કે તારૂં દર્દ મારાથી જોવાતું ન હતું એટલે મે તને મારી નાખી છે, ભગવાન મને એની સજા આપશે, તું મને માફ કરજે, હું તારો ગુનેગાર છું. પોલીસ સમક્ષ પણ પત્નીની હત્યાનો અફસોસ વ્યકત કર્યો હતો.

# ક્રિકેટર રવિન્દ્ર જાડેજાની પત્ની ગુજરાતના યુવા મંત્રી બન્યા

### જાડેજા તેમના સક્રિય સામાજિક કાર્ય માટે જાણીતા છેઃ મંત્રી બનતા પહેલા, રિવાબા સૌરાષ્ટ્રના જામનગર ઉત્તર મતવિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે સેવા આપી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર ક્રિકેટર રવિન્દ્ર જાડેજાના પત્ની રીવાબા જાડેજાને ગુજરાતના મુખ્યમંત્રી મંત્રીમંડળમાં મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ચાલો જાણીએ રીવાબા જાડેજાની શૈક્ષણિક લાયકાત શું છે.ગુજરાતની ચૂંટણી પહેલા ભાજપે પોતાના મંત્રીમંડળની સંખ્યા ૧૬ થી વધારીને ૨૫ કરી દીધી છે. ક્રિકેટર રવિન્દ્ર જાડેજાના પત્ની રીવાબા જાડેજાનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળમાં સમાવેશ કરવામાં આવ્યો છે. મંત્રી બનતા પહેલા, રિવાબા સૌરાષ્ટ્રના જામનગર ઉત્તર મતવિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે સેવા આપી હતી, અને ૨૦૨૨ ની ચૂંટણી જીતી હતી. જાડેજા તેમના સક્રિય સામાજિક કાર્ય માટે જાણીતા છે. ખૂબ જ પ્રસિદ્ધ થયેલી આ ચૂંટણીમાં રવિન્દ્ર જાડેજાની પત્ની અને બહેનના પક્ષો વચ્ચે ટક્કર જોવા મળી હતી.

ભાજપ સાથે સંકળાયેલા જાડેજા હવે મંત્રી બન્યા છે. ચાલો તેમની શૈક્ષણિક સિદ્ધિઓ અને તેમની રાજકીય કારકિર્દીની સમીક્ષા કરીએ. રિવાબા જાડેજાનો જન્મ ૨ નવેમ્બર, ૧૯૯૦ ના રોજ ગુજરાતના રાજકોટમાં થયો હતો. તેમના પિતાનું નામ હરદેવ સિંહ સોલંકી અને માતાનું નામ પ્રફુલ્લબા સોલંકી છે.

રિવાબા ક્ષત્રિય સમાજમાંથી આવે છે. વર્ષ ૨૦૧૬ માં તેમણે ક્રિકેટર રવિન્દ્ર જાડેજા સાથે લગ્ન કર્યા. IPL અને અન્ય ક્રિકેટ મેચ દરમિયાન તેઓ બહુ ચર્ચામાં આવ્યા હતા. રવિન્દ્ર જાડેજા હંમેશા તેની પત્નીને ટેકો આપતા જોવા મળે છે.

મૂળ રાજકોટના રીવાબા જાડેજાએ અમદાવાદની ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીમાંથી સ્નાતક થયા છે. મિકેનિકલ એન્જિનિયરિંગની ડિગ્રી મેળવ્યા પછી, તેણીએ મહિલા સશક્તિકરણ માટે કામ કર્યું. શરૂઆતથી જ, રીવાબા મહિલાઓ અને સામાજિક કાર્યના સમર્થન માટે જાણીતા છે. તેમણે દ્દર્ઈ શ્રી માતૃશક્તિ ચેરિટેબલ ટ્રસ્ટની પણ સ્થાપના કરી.

તેમની કારકિર્દીની દ્રષ્ટિએ, રીવાબા જાડેજાએ ઘણીવાર તેના કાર્ય અને જાહેર સમર્થન દ્વારા લોકપ્રિયતા મેળવી છે. તેમને જામનગર ઉત્તર મતવિસ્તારમાં ખૂબ જ સકારાત્મક પ્રતિસાદ મળ્યો. તેમણે આમ આદમી પાર્ટીના ઉમેદવાર કરસનભાઈ કરમુરને હરાવવા માટે કુલ ૮૪,૩૩૬ મત મેળવ્યા. રવિન્દ્ર જાડેજાની બહેન નયનાબા જાડેજા કોંગ્રેસમાંથી છે, અને તેની પત્ની રીવાબા ભાજપમાંથી છે. લગ્ન પછી, તેની ભાભી સાથેના સંબંધો તેમની રાજકીય કારકિર્દીને કારણે બગડ્યા. જ્યારે તેઓ વિરોધી પક્ષોના હતા ત્યારે બંને વચ્ચે વિવાદો થયા. ૨૦૨૨ માં, તેમણે સૌરાષ્ટ્રની જામનગર ઉત્તર બેઠક પરથી ધારાસભ્ય બેઠક જીતી હતી. ૧૭ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ, રીવાબા જાડેજાને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળમાં મંત્રી પદ આપવામાં આવ્યું હતું.

# "સ્વચ્છતા પખવાડિયા – ૨૦૨૫" અંતર્ગત ભાવનગર રેલવે મંડળમાં વિવિધ કાર્યક્રમોનું સફળ આયોજન

પશ્ચિમ રેલવે, ભાવનગર મંડળ દ્વારા "સ્વચ્છતા પખવાડિયા – ૨૦૨૫" અંતર્ગત વિવિધ સ્વચ્છતા અને જનજાગૃતિ કાર્યક્રમોનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતાં જણાવ્યું કે આ અભિયાનનો પ્રારંભ ૦૧ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ પ્રભાત ફેરી અને સ્વચ્છતા શપથ સાથે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા, અપર મંડળ રેલ પ્રબંધક શ્રી હિમાંશુ શર્મા, વરિષ્ઠ અધિકારીઓ તથા મોટી સંખ્યામાં રેલકર્મીઓ ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા.

મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માના માર્ગદર્શન હેઠળ અને વરિષ્ઠ મંડળ યાંત્રિક ઈજનેર શ્રી સંતોષ કુમાર મિશ્રાની દેખરેખમાં આ અભિયાન દરમિયાન દરેક દિવસને એક વિશિષ્ટ થીમ હેઠળ ઉજવવામાં આવ્યો હતો, જેમાં મુખ્યત્વે — સ્વચ્છતા શપથ દિવસ, સ્વચ્છતા જાગૃતિ દિવસ, સ્વચ્છ ભારત દિવસ, સ્વચ્છ સ્ટેશન, સ્વચ્છ રેલગાડી, સ્વચ્છ ટ્રેક, સ્વચ્છ પરિસર, સ્વચ્છ કાર્યસ્થળ, સ્વચ્છ આવાસીય પરિસર, સ્વચ્છ આહાર, સ્વચ્છ પાણી, સ્વચ્છ પ્રસાધન, સિંગલ યુઝ પ્લાસ્ટિક નિષેધ અને સ્વચ્છતા રેલીનો સમાવેશ થાય છે.

મહાત્મા ગાંધી જયંતિ અને સ્વચ્છ ભારત દિવસ (૦૨ ઓક્ટોબર, ૨૦૨૫)ના અવસરે વૃક્ષારોપણ, નિરીક્ષણ અને પુરસ્કાર વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન (WRWWO)ની અધ્યક્ષ શ્રીમતી શાલિની વર્માએ વિવિધ સ્થળોએ વૃક્ષારોપણ કરીને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો. સાથે જ, ચિત્રકલા સ્પર્ધામાં વિજેતા ૧૨ બાળકોને તથા સ્વચ્છતા અભિયાનમાં ઉત્કૃષ્ટ યોગદાન આપનાર ૧૨ કર્મચારીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

"સ્વચ્છ રેલગાડી" થીમ અંતર્ગત પોરબંદર, ભાવનગર અને વેરાવળ કોચિંગ ડીપોમાં ટ્રેનોની ઊંડાણપૂર્વક યાંત્રિક સફાઈ કરવામાં આવી હતી. સાથે જ, સ્ટેશનો પર મુસાફરો વચ્ચે સ્વચ્છતા જાગૃતિ અભિયાન



ચલાવવામાં આવ્યું હતું. "સ્વચ્છ આહાર" દિવસના અવસરે મંડળના તબીબી વિભાગ દ્વારા ભાવનગર ટર્મિનસ, જુનાગઢ, વેરાવળ, પોરબંદર, જેતલસર, બોટાદ, સોનગઢ, ધોળા અને ધોળકા સ્ટેશનો પર ખાદ્ય સ્ટૉલોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. પેન્ટ્રીકાર વેન્ડરો અને સ્ટૉલ સંચાલકોને સ્વચ્છતા શપથ અપાવવામાં આવી તથા વ્યક્તિગત સ્વચ્છતા અને સ્વચ્છ આહારના મહત્વ વિષે જાગૃત કરવામાં આવ્યા.

અભિયાન દરમ્યાન મંડળના વિવિધ સ્ટેશનો પર ઊંડાણપૂર્વકની સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યા હતા. સ્ટેશન પરિસર, પ્લેટફોર્મ, મુસાફરોની સુવિધાઓ તથા કચેરીઓની સંપૂર્ણ સફાઈ કરવામાં આવી અને કર્મચારીઓ તથા મુસાફરોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ વધારવામાં આવી. "સ્વચ્છ પાટા" કાર્યક્રમ અંતર્ગત કર્મચારીઓ દ્વારા રેલવે ટ્રેકની સફાઈ કરવામાં આવી.

તે ઉપરાંત, "વેસ્ટ ટુ આર્ટ", શ્રમદાન, રેલીઓ અને વૃક્ષારોપણ જેવી પ્રવૃત્તિઓ દ્વારા રેલકર્મીઓ, વિદ્યાર્થીઓ તથા સામાન્ય નાગરિકોને સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણ માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. મુસાફરો પાસેથી સ્વચ્છતા વિષે પ્રતિસાદ મેળવવામાં આવ્યો હતો તથા ભવિષ્યની યોજનાઓ માટે સૂચનો આમંત્રિત કરવામાં આવ્યા હતા.

મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ ૧૭ ઓક્ટોબર, ૨૦૨૫ (શુક્રવાર)ના રોજ મંડળના વરિષ્ઠ અધિકારીઓ તથા મીડિયા પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં પ્રેસ કોન્ફરન્સ યોજી "સ્વચ્છતા પખવાડિયા – ૨૦૨૫" અંતર્ગત હાથ ધરાયેલા કાર્યક્રમોની માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે ભાવનગર મંડળે આ પખવાડિયાને જનઅભિયાનનું સ્વરૂપ આપીને ઉલ્લેખનીય સફળતા પ્રાપ્ત કરી છે. ૧ થી ૧૫ ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન આ અભિયાન અંતર્ગત મંડળના ૬૬ રેલવે સ્ટેશનો આવરી લેવામાં આવ્યા હતા. આશરે ૯૨૫ કર્મચારીઓ અને નાગરિકોએ સ્વચ્છતા શપથ લીધી અને ૧૨૪૦૦ ચોરસ મીટર વિસ્તારની સફાઈ કરવામાં આવી. ૧૬૦ મીટર નાળીઓની સફાઈ, ૯ સ્થળોએ ફ્યુમિગેશન તથા ૯ એન્ટી-લિટરિંગ ડ્રાઈવ દ્વારા સ્વચ્છતાને જનજાગૃતિ સાથે જોડવામાં આવી. "સ્વચ્છ પરિસર" અંતર્ગત ૩૯ કચેરીઓની સફાઈ અને સૌંદર્યીકરણ કરવામાં આવ્યું, જ્યારે ૩૬ કિમી ટ્રેકની સફાઈ તથા ૨.૩ ટન પ્લાસ્ટિક કચરાનો નિકાલ કરવામાં આવ્યો. "સ્વચ્છ નીર" અભિયાનમાં ૧૫ જળસ્થળો તથા ૧૦ પાણીના બૂથોની સફાઈ તથા પાણીની ગુણવત્તાની તપાસ કરવામાં આવી.

ભાવનગર મંડળના તમામ સ્ટેશનો પર હવે સ્વચ્છ પ્લેટફોર્મ, સુધારેલી જળ તથા શૌચાલય સુવિધાઓ અને શુદ્ધ વાતાવરણ મુસાફરોને નવો અનુભવ આપી રહ્યા છે. ભાવનગર મંડળે આ અવસરે સંકલ્પ કર્યો કે "સ્વચ્છતા હી સેવા"ના આદર્શોને અપનાવી રેલવે પરિસરોને સ્વચ્છ, હરિત અને સ્વસ્થ રાખવા માટેના પ્રયાસો સતત ચાલુ રહેશે.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# કોબાની ટ્રી ટ્રોપ કન્સ્ટ્રક્શન સાઈટની ઘટના: મજૂરીના બાકી ૧૦ લાખ નહીં મળતા પેટા કોન્ટ્રાક્ટરનો ફાંસો ખાઈ આપઘાત

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર,

બાંધકામ સાઈટના કોન્ટ્રાક્ટરે મજૂરી પેટે બાકી નીકળતા રૂપિયા 10 લાખની રકમ નહીં મળતા નાસીપાસ થઇ ગયેલા મુકાદમે આપઘાત કરી લીધો હોવાનો બનાવ ગાંધીનગરના કોબા ખાતેની કન્સ્ટ્રક્શન સાઈટ પર બન્યો હતો.

ચોંકાવનારા બનાવની ફરિયાદના આધારે ઈન્ફોસિટી પોલીસે કોન્ટ્રાક્ટર વિરુદ્ધ માનસિક ત્રાસ અને આત્મહત્યા માટે દુષ્પ્રેરણા કરવાનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. દાહોદના રાહુલ નરસુભાઈ પસાયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ બનાવની વિગત એવી છે કે તેમના મોટાભાઈ અર્જુનભાઈએ કોબા ખાતેના કે. રાહેજા રોડ પર આવેલી ટ્રી ટોપ કન્સ્ટ્રક્શન સાઈટ પર આર.સી.સી.નું કામ સાઈટ કોન્ટ્રાક્ટર કૌશિકસિંહ રાજપૂત પાસેથી મજૂરીના ભાવથી રાખ્યું હતું. જેથી અર્જુને 15 માણસો સાઈટ પર રાખી સાઈટના A અને B બ્લોકના બેઝમેન્ટથી માંડીને પહેલા માળ સુધીનું કોન્ક્રીટિંગનું કામ કર્યું હતું. તે કામ પેટે કોન્ટ્રાક્ટર કૌશિકસિંહ રાજપૂત પાસેથી રૂ. 10 લાખની રકમ લેવાની નીકળતી હતી. તેની ઉઘરાણી કરવા છતાં કૌશિકસિંહ પૈસા આપતો ન હતો. આ દરમિયાન પંદર દિવસ પહેલા રાહુલે તેના પિતા નરસુભાઈને બોલાવ્યા હતા. ત્યારે રાહુલ અને અર્જુન સાથે નરસુભાઈ સાઈટ ઉપર કૌશિકસિંહને મળી દિવાળીના તહેવારો હોવાથી મજૂરોને પગાર આપવા માટે પૈસાની માગણી કરી હતી. મજૂરોને તહેવારમાં પગાર નહીં આપી શકે તો આત્મહત્યા કરવી પડશે તેમ કહી અર્જુને મજબુરી વર્ણવી હોવા છતાં કોન્ટ્રાક્ટરે પૈસા આપવાની ના પાડી દીધી હતી અને એકાએક ઉશ્કેરાઈ ગયેલા કૌશિકસિંહે જાતિવિષયક અપશબ્દો બોલી પુત્રોની સામે નરસુભાઈને લાફો માર્યો હતો. તે દિવસે અર્જુન બહુ રડ્યો હતો. સાઈટ એન્જિનિયરે રૂપિયા અપાવી દેવાની હૈયા ધારણા આપતા કામ ચાલુ રાખ્યું હતું. જોકે 13 ઓક્ટોબરે પણ અર્જુને પૈસાની ઉઘરાણી કરતા કૌશિકસિંહે ઝપાઝપી કરી પૈસા આપવાનો ઈનકાર કરી દીધો હતો. એ દિવસે રાત્રે પણ અર્જુન બહુ રડ્યો હતો અને રાહુલને કહ્યું હતું કે, 10 લાખ નહીં મળે તો મજૂરોને પગાર નહીં ચૂકવી શકીએ તેવું કહી મરવાની વાતો કરતો હતો. બીજા દિવસે સવારે રાહુલ મોબાઈલનું ચાર્જર લેવા ગયો ત્યારે દરવાજો અંદરથી બંધ હતો. જેથી રૂમના પતરામાંથી જગ્યા કરીને અંદર જોયું તો અર્જુન ફાંસો ખાધેલી હાલતમાં હતો.

# ગુજરાતમાંથી ઔદ્યોગિક મીઠાની પહેલી રેલ ખેપ કશ્મીર પહોંચી



કશ્મીર ઘાટીમાં માલ પરિવહન ક્ષેત્રે એક ઈતિહાસરૂપ સફળતા પ્રાપ્ત થઈ છે. ૧,૩૫૦ ટન ઔદ્યોગિક મીઠાની પહેલી રેલ ખેપ ગુજરાતના અમદાવાદ મંડળના ખારાઘોડા (KOD) સ્ટેશનથી જમ્મુ-કાશ્મીરના અનંતનાગ (ANT) સ્ટેશન પર સફળતાપૂર્વક પહોંચી છે.

સ્થળ:

ખારાઘોડા ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલું એક પ્રસિદ્ધ મીઠા ઉત્પાદન ક્ષેત્ર છે, જે લિટલ રણ ઓફ કચ્છની સીમા પર વસેલું છે.

શુદ્ધતા:

ખારાઘોડાનું મીઠું તેની ઉચ્ચ ગુણવત્તા અને શુદ્ધતા માટે જાણીતું છે. અહીં બનેલું મીઠું ૯૮%થી વધુ સોડિયમ ક્લોરાઈડ ($NaCl$) ધરાવે છે. આ ક્ષેત્રમાં આવેલી રિફાઈનરીઓ ઔદ્યોગિક અને ખાદ્ય બંને પ્રકારના મીઠાનું ઉત્પાદન કરે છે.

ઉપયોગ:

આ ખેપનું ઉપયોગ ચામડાંના ઉદ્યોગ, સાબુ બનાવટ અને ઈંટ ભઠ્ઠીઓમાં કરવામાં આવશે. આ સિદ્ધિ કાશ્મીરમાં રેલ નેટવર્ક મારફતે પરંપરાગત નહીં એવા માલ પરિવહનને પ્રોત્સાહન આપવા દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. જેથી પરિવહનનો સમય અને ખર્ચ બંનેમાં ઘટાડો થશે તેમજ માર્ગ પરિવહન પરની નિર્ભરતા પણ ઓછી થશે. આ રેલ રેક લગભગ ૨,૦૦૦ કિમીનો અંતર કાપીને ખારાઘોડાથી અનંતનાગ પહોંચી.

# સક્રિય કાર્યકર્તા થી ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી સુધીની રોચક સફળ એવા ઋષીકેશ પટેલ

## કેબિનેટમંત્રી ઋષીકેશ પટેલ સહિત ૬ મંત્રીને રીપીટ કરાયા : મંત્રી ઋષીકેશ પટેલ ભાજપના જાણીતા અને બિન વિવાદીત છબી ધરાવનારા નેતા

પ્રતિનિધિ,ગાંધીનગર

આજે શુક્રવારે દાદાની સરકાર ૨.૦ ના મંત્રી મંડળનુ વિસ્તરણ થયુ હતું. રાજય સરકારના મંત્રી મંડળમાં ૧૯ નવા ચહેરાઓને સ્થાન આપવામાં આવ્યુ હતું. આ સાથે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિત ૨૬ સભ્યોનુ નવુ મંત્રી મંડળ બન્યુ છે ત્યારે ૬ મંત્રીઓને રીપીટ કરાયા છે. જેમાં આરોગ્ય અને સરકારી પ્રવકતા મંત્રી ઋષીકેશ પટેલ પર પાર્ટી હાઈકમાન્ડે ફરી એકવાર વિશ્વાસ દાખવ્યો છે.

ઋષીકેશ પટેલ ભાજપના જાણીતા અને બિનવિવાદીત છબી ધરાવનારા નેતાઓ પૈકી એક છે અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ પછી ઉત્તર ગુજરાતના મોટા પાટીદાર નેતા છે. મંત્રી ઋષીકેશ પટેલ અંગે વાત કરીએ તો તેઓ વર્ષ ૨૦૦૭ માં વિસનગર બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચુંટાયા હતા. વર્ષ ૨૦૦૭ થી તેઓ સતત ધારાસભ્ય તરીકે ચુંટાઈ ગયા છે.



મહેસાણા જિલ્લાની વિસનગર વિધાનસભા મતવિસ્તારમાં ઋષીકેશ પટેલે વર્ષ ૨૦૦૭ થી ૨૦૨૧ સુધી (૧૫ વરસ સુધી) ધારાસભ્ય તરીકે કામગીરી કરી હતી. વર્ષ ૨૦૦૭ માં તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચુંટણીની જવાબદારી પણ તેમણે યોગ્ય રીતે સંભાળી હતી. વિસનગરના ધારાસભ્ય ઉપરાંત ઋષીકેશ પટેલ ગુજરાત સરકારમાં કેબિનેટ મંત્રી પણ રહ્યા છે.

હાલ તેઓ આરોગ્ય અને સરકારી પ્રવકતા મંત્રી તરીકેની જવાબદારી સંભાળી રહ્યા છે. તેઓ વિરૂધ્ધ આજ દીન સુધી ૧૮૨ ધારાસભ્યોમાંથી એકપણ ધારાસભ્યએ તેમના વિરૂધ્ધ ફરીયાદ કરી નથી કે કોઈ કાર્ય કરે પણ ફરીયાદ કરી નથી. ઋષીકેશ પટેલ ઉચ્ચ શિક્ષણ કાયદા-ન્યાય અને સંસદીય બાબતોના મંત્રીની જવાબદારી પણ નિભાવી છે. અત્રે જણાવી દઈએ કે વર્ષ ૨૦૨૧ થી ગુજરાત સરકારમાં કેબિનેટ મંત્રી તરીકે જવાબદારી નિભાવી રહ્યા છે. મંત્રી ઋષીકેશ પટેલે અગાઉ મહેસાણા જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે પણ જવાબદારી નિભાવી ચુકયા છે. ઉપરાંત વર્ષ ૨૦૧૬ માં વિસનગર એપીએમસીના અધ્યક્ષ પણ રહી ચુકયા છે. ઋષીકેશ પટેલે ધારાસભ્ય તરીકે ૯૫ ટકા ગ્રાન્ટનો ઉપયોગ કર્યો હતો અને પોતાના મતવિસ્તારમાં અનેક વિકાસ કામો કર્યા હતા. ૩૦ ઓકટોબર ૧૯૬૧ ના રોજ ઋષીકેશભાઈ ગણેશભાઈ પટેલનો જન્મ થયો હતો. મંત્રી ઋષીકેશ પટેલ મહેસાણા જિલ્લાના ઉંઝા તાલુકાના કહોડા ગામના વતની છે. તેમણે સીવીલ એન્જીનીયરીંગમાં ડીપ્લોમાંનો અભ્યાસ કર્યો છે. કેબિનેટ મંત્રી ઋષીકેશ પટેલે પોતાની કારકિર્દીની શરૂઆત વર્ષ ૧૯૯૦ માં કરી હતી. ભાજપના તત્કાલીન રાષ્ટ્રીય અધ્યક્ષ અડવાણીજીના રથયાત્રા કાર્યક્રમ દરમિયાન ઋષીકેશ પટેલે રહી સક્રિય કાર્યકર તરીકે જવાબદારી નિભાવી હતી.

# અંબાલિયાસન-બીજાપુર સેક્શન પર ૧૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ટ્રેનનું સંચાલન

## ૪૨ કિમીનું અંતર ૨૫ મિનિટમાંજ પૂરૂ કર્યું, સરેરાશ ગતિ ૧૦૧ કિમી પ્રતિ કલાકથી વધુ હતી

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝનના આંબલિયાસન-વિજાપુર સેક્શન (૪૨.૩૨ કિમી) પર ગેજ રૂપાંતરણનું કામ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. આ સેકશનનું સલામતી નિરીક્ષણ ૧૬ અને ૧૭ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ પશ્ચિમ સર્કલના રેલવે સંરક્ષા કમિશનર (CRS) શ્રી ઇ. શ્રીનિવાસ દ્વારા કરવામાં આવ્યું હતું. અંતિમ સલામતી મંજૂરી મળ્યા પછી, આ રૂટ પર ટ્રેનો ચલાવી શકાશે.



આ સેક્શનને મે ૨૦૨૨ માં રૂા.૪૧૫.૩૭ કરોડના ખર્ચે મીટર ગેજથી બ્રોડ ગેજમાં રૂપાંતરિત કરવા માટે મંજૂરી આપવામાં આવી હતી. આ સેકશન હવે મુસાફરો માટે આધુનિક, સલામત અને સરળ ટ્રેન સંચાલન માટે લગભગ તૈયાર છે. રેલવે સંરક્ષા કમીશનર (વેસ્ટર્ન સર્કલ) દ્વારા હાથ ધરવામાં આવેલ વૈધાનિક નિરીક્ષણ કાર્યરત થતાં પહેલાં એક જરૂરી પગલું છે. નિરીક્ષણ ટીમે સ્ટેશન સુવિધાઓ, ટ્રેક ભૂમિતિ, વળાંકો, પુલ અને રોડ અંડર બ્રિજ (RUBs) નું વિગતવાર નિરીક્ષણ કર્યું હતું. આમાં બે મુખ્ય પુલ, ૫૧ નાના પુલ અને ૪૫ નવા રોડ અંડર બ્રિજ (RUBs)નો સમાવેશ થાય છે. સલામતીના કારણોસર, લેવલ ક્રોસિંગ નજીક ફેન્સિંગ દ્વારા રેલવે લાઈનને સુરક્ષિત કરવામાં આવી છે, અને આ સેક્શન પર કુલ ચાર લેવલ ક્રોસિંગ છે.

૧૭ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ, વિવિધ સ્થળોએ વિગતવાર નિરીક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. કુકરવાડાથી વિજાપુર સુધી આશરે ૧૫ કિમી સુધી ટ્રોલી નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આંબલિયાસણ-વિજાપુર સેકશન (૪૨.૩૨ કિ.મી.) પર ૧૨૦ કિ.મી./ કલાકની ઝડપે ગતિ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન શ્રી ઇ. શ્રીનિવાસ, પશ્ચિમ રેલવેના રેલવે સંરક્ષા કમીશનર (CRS), શ્રી વેદ પ્રકાશ ડિવિઝનલ રેલવે મેનેજર અમદાવાદ, શ્રી પ્રદીપ ગુપ્તા મુખ્ય વહીવટી અધિકારી (બાંધકામ) અને અન્ય સિનિયર અધિકારીઓ ઉપસ્થિત હતા.

કુકરવાડા સ્ટેશન પર પ્લેટફોર્મની ઊંચાઈ, કૉપિંગ અને એન્ડ પાથવેની તપાસ કરવામાં આવી. RUB નં. ૬૫મ માં ઊંચાઈ, ગેજ અને ડ્રેનેજની વ્યવસ્થા જોવામાં આવી, સાથે જ MDD (મહત્તમ ડ્રાય ડેન્સિટી) પરીક્ષણ, બેંક ઢોળાવ અને સેસની પહોળાઈની પણ તપાસ કરવામાં આવી.


તેવી જ રીતે, ગેરીતા-કોલવાડામાં પ્લેટફોર્મનું માપ અને એન્ડ પાથવેની તપાસ કરવામાં આવી. RUB નં. 79B ની ઊંચાઈ, ગેજ, ડ્રેનેજ અને પગપાળા માર્ગની વ્યવસ્થા જોવામાં આવી. વિજાપુર સ્ટેશન પર, ટ્રેકના વિવિધ પાસાઓનું વિગતવાર નિરીક્ષણ કરવામાં આવ્યું. પ્લેટફોર્મ કૉપિંગ, ઊંચાઈ અને એન્ડ પાથવેની તપાસ કરવામાં આવી. વિજાપુર સ્ટેશન પર સબવેનું નિરીક્ષણ કરવામાં આવ્યું, સાથે જ યાત્રીઓની સુવિધાની પણ તપાસ કરવામાં આવી. આ ગેજ રૂપાંતરણ પરિયોજનાથી યાત્રીઓ અને પ્રદેશને અનેક ફાયદાઓ મળશે. માલગાડીઓ સંચાલન સુનિશ્ચિત થશે, અને આ સેક્શનના ચાલુ થવાથી વિજાપુર પ્રદેશમાંથી દેશના બાકીના ભાગોમાં કપાસ, ઘઉં, બટાકા,ટોબેકો અને તેલ ઉત્પાદનોની આપૂર્તિ સરળતાથી થઈ શકશે, જેનાથી વેપારને પ્રોત્સાહન મળશે અને પ્રાદેશિક આર્થિક વિકાસને વેગ મળશે. અગાઉ રોડ દ્વારા પરિવહન કરવામાં આવતુ હતું, હવે રેલવે દ્વારા વધુ ઝડપથી મોકલી શકાશે. આનાથી સ્થાનિક વેપારીઓને ફાયદો થશે અને રેલવેની આવકમાં વધારો થશે.

યાત્રીઓને ઉત્તમ અને ઝડપી રેલવે સંપર્ક ઉપલબ્ધ થશે, વિશેષ રૂપે ઉત્તર ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં અપગ્રેડેડ સંરચના અને આધુનિક સુરક્ષા ઉપાયોની સાથે યાત્રા હવે વધુ સુરક્ષિત અને સુવિધાજનક થશે.

# નવા મંત્રી મંડળમાં કયા મંત્રીનો કેટલો અભ્યાસ અને જ્ઞાતિ સમીકરણો જોઈએ તો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં આજે નવા મંત્રી મંડળની શપથવિધિ યોજાઈ ગઈ, જેમાં કેટલાક ધારાસભ્યોને મોટી જવાબદારી આપવામાં આવી છે જયારે કેટલાક પૂર્વ મંત્રીઓને મંત્રી પદના શપથ પણ લેવડાવ્યા હતા.




નવા કેબિનેટ મંત્રીઓનો અભ્યાસ, જ્ઞાતિ અને સમીકરણો તરફ જોઈએ તો (૧) મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ વિધાનસભા ઘાટલોડીયા જન્મ તારીખ ૧૫/૭/૧૯૬૨ સામાન્ય પેટા જ્ઞાતિ પટેલ, અભ્યાસ ડીપ્લોમાં ઈન સીવીલ એન્જીનીયર (૨) હર્ષભાઈ રમેશકુમાર સંઘવી (નાયબ મુખ્યમંત્રી) વિધાનસભાનુ નામ મજુરા જન્મ તારીખ ૮/૧/૧૯૮૫, સામાન્ય પેટા જ્ઞાતિ જૈન અભ્યાસ ધો. ૯ હોદ્દો પૂર્વ ગૃહરાજય મંત્રી હતા (૩) જીતેન્દ્રભાઈ સવજીભાઈ વાઘાણી (કેબિનેટ મંત્રી) વિધાનસભાનુ ભાવનગર પશ્ચિમ જન્મ તારીખ ૧૧/૯/૭૦ કણબી પેટાજ્ઞાતિ લેઉઆ પટેલ અભ્યાસ બીકોમ એલએલબી (૪) પૂર્વ કેબિનેટ મંત્રી નરેશભાઈ મગનભાઈ પટેલ (કેબિનેટ મંત્રી ) વિધાનસભાનુ નામ ગણદેવી અનુસુચિત જનજાતિ જન્મ તારીખ ૧/૬/૧૯૬૭ હિન્દુ પેટા જ્ઞાતિ ઢોડીયા પટેલ અભ્યાસ ધો. ૧૦ પાસ (૫) પૂર્વ મંત્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (કેબિનેટ મંત્રી) વિધાનસભાનુ નામ પોરબંદર જન્મ તારીખ ૧૭/૨/૧૯૫૭ હિન્દુ પેટા જ્ઞાતિ અભ્યાસ બીઈ મીકેનીકલ એમઆઈ, (૬) ધારાસભ્ય ડો.પ્રદ્યુમનભાઈ ગનુભાઈ વાજા (કેબિનેટ મંત્રી) વિધાનસભાનુ નામ કોડીનાર અનુસુચિત જાતિ જન્મ તારીખ ૧૮/૮/૧૯૬૮ હિન્દુ પેટા જ્ઞાતિ વણકર અભ્યાસ એમ ડી એલએલબી, એલએલએમ (૭) ધારાસભ્ય રમણભાઈ ભીખાભાઈ સોલંકી કેબિનેટ મંત્રી વિધાનસભાનુ નામ બોરસદ જન્મ તારીખ ૨૮/૪/૧૯૬૫ હિન્દુ પેટા જ્ઞાતિ ક્ષત્રિય ઠાકોર અભ્યાસ કૃષિ ડીપ્લોમાં (૮) પૂર્વ મંત્રી ઋષીકેશભાઈ ગણેશભાઈ પટેલ વિધાનસભાનુ નામ વિસનગર જન્મ તારીખ ૩૦/૧૯/૧૯૬૧ સામાન્ય પેટા જ્ઞાતિ કડવા પટેલ અભ્યાસ ડીપ્લોમાં સીવીલ (૯) પૂર્વ કેબિનેટ મંત્રી કનુભાઈ મોહનલાલ દેસાઈ વિધાનસભાનુ નામ પારડી જન્મ તારીખ ૩/૨/૧૯૫૧ સામાન્ય પેટા જ્ઞાતિ અનાવીલ બ્રાહ્મણ અભ્યાસ બીકોમ એલએલબી (૧૦) પૂર્વ કેબિનેટમંત્રી પરશોત્તમભાઈ ઓધવજીભાઈ સોલંકી વિધાનસભાનુ નામ ભાવનગર ગ્રામ્ય જન્મ તારીખ ૨૩/૫/૧૯૬૧ કોળી પેટા જ્ઞાતિ તળપદા કોળી અભ્યાસ ઈલેકટ્રીક એન્જીનીયર ડીપ્લોમાં (૧૧) પૂર્વ મંત્રી કુંવરજીભાઈ મોહનભાઈ બાવળીયા વિધાનસભાનુ નામ જસદણ જન્મ તારીખ ૧૬/૩/૧૯૫૫ કોળી પેટા જ્ઞાતિ તળપદા અભ્યાસ બીએસ (૧૨) પૂર્વ મંત્રી ઈશ્વરસિંહ ઠાકોરભાઈ પટેલ (રાજય કક્ષાના મંત્રી) વિધાનસભાનું નામ અંકલેશ્વર જન્મ તારીખ ૨૫/૬/૧૯૬૧ પટેલ પેટાજ્ઞાતિ હિન્દુ તળપદા અભ્યાસ બી એ એલએલબી (૧૩) પ્રફુલભાઈ છગનભાઈ પાનસેરીયા (રાજયકક્ષાના મંત્રી ) વિધાનસભાનું નામ કામરેજ જન્મ તારીખ ૧/૬/૭૧ હિન્દુ પેટા જ્ઞાતિ લેઉઆ પાટીદાર અભ્યાસ એમ એ, પોલીટીકલ (૧૪) પૂર્વ મંત્રી મનિષાબેન રાજીવ વકીલ રાજયકક્ષાના મંત્રી વિધાનસભાનુ નામ વડોદરા શહેર અનુસુચિત જાતિ જન્મ તારીખ ૨૫/૩/૧૯૭૫ હિન્દુ પેટા જ્ઞાતિ રોહિત, અભ્યાસ એમ એ બીએડ પીએચડી (૧૫) પૂર્વ રાજયકક્ષાના મંત્રી કાંતીલાલ શીવલાલભાઈ અમૃતીયા રાજય કક્ષાના મંત્રી વિધાનસભાનુ નામ મોરબી જન્મ તારીખ ૮/૩/૧૯૬૨ પટેલ પેટા જ્ઞાતિ કડવા પટેલ ધો. ૧૨ પાસ, (૧૬) ધારાસભ્ય રમેશભાઈ ભુરાભાઈ કટારા (રાજય કક્ષાના મંત્રી) વિધાનસભાનુ નામ ફતેપુરા અનુસુચિત જનજાતિ જન્મ તારીખ ૪/૫/૧૯૭૫ હિન્દુ પેટા જ્ઞાતિ ભીલ અભ્યાસ ૧૨ પાસ (૧૭) ધારાસભ્ય દર્શનાબેન વાઘેલા રાજયકક્ષાના મંત્રી વિધાનસભાનુ નામ અસારવા (અનુસુચિત જાતિ) જન્મ તારીખ ૫/૯/૧૯૭૨ હિન્દુ પેટા જ્ઞાતિ વાલ્મીકી અભ્યાસ બીકોમ (૧૮) ધારાસભ્ય કૌશિકભાઈ કાંતીભાઈ વેકરીયા રાજયકક્ષાના મંત્રી વિધાનસભાનુ નામ અમરેલી જન્મ તારીખ ૯/૬/૧૯૮૬ પટેલ પેટા જ્ઞાતિ લેઉઆ પટેલ અભ્યાસ બીકોમ (૧૯) વિધાનસભાના પૂર્વ નાયબ દંડક પ્રવિણભાઈ ગોરધનજી માળી (રાજય કક્ષાના મંત્રી) વિધાનસભાનુ નામ ડીસા હિન્દુ પેટા જ્ઞાતિ માળી અભ્યાસ બીએ (૨૦) ધારાસભ્ય રીવાબા રવિન્દ્રસિંહ જાડેજા (રાજય કક્ષાના મંત્રી) વિધાનસભાનું નામ જામનગર ઉત્તર જન્મ તારીખ ૫/૯/૧૯૯૦ ક્ષત્રિય પેટા જ્ઞાતિ રાજપુત અભ્યાસ મીકેનીકલ એન્જીનીયર (૨૧) ધારાસભ્ય સંજયસિંહ વિજયસિંહ મહીડા (રાજયકક્ષાના મંત્રી ) વિધાનસભાનુ નામ મહુધા જન્મ તારીખ ૨૦/૧૦/૧૯૭૯ હિન્દુ પેટા જ્ઞાતિ રાજપુત અભ્યાસ એફવાયબીએ (૨૨) ધારાસભ્ય ત્રિકમભાઈ બીજલભાઈ છાંગા (રાજયકક્ષાના મંત્રી) વિધાનસભાનુ નામ અંજાર જન્મ તારીખ ૧/૬/૧૯૬૨ જ્ઞાતિ આહિર અભ્યાસ બીએબીએડ એલએલબી (૨૩) ધારાસભ્ય સ્વરૂપજી સરદારજી ઠાકોર (રાજય કક્ષાના મંત્રી) વિધાનસભાનુ નામ વાવ જન્મ તારીખ ૧/૬/૧૯૭૯ ઠાકોર પેટા જ્ઞાતિ ધો. ૧૦ પાસ (૨૪) ધારાસભ્ય કમલેશભાઈ રમેશભાઈ પટેલ રાજય કક્ષાના મંત્રી વિધાનસભાનુ નામ પેટલાદ જન્મ તારીખ ૧૨/૪/૧૯૭૦ પટેલ પેટા જ્ઞાતિ લેઉઆ અભ્યાસ એમએસસી

# ઓપરેશન જીવન રક્ષા: પોતાનો જીવ જોખમમાં મૂકી કોન્સ્ટેબલ શ્રી રમેશે એક બાળકનો જીવ બચાવ્યો

વડોદરા ડિવિઝનના ગોધરા ખાતે રેલ્વે પ્રોટેકશન ફોર્સમાં તૈનાત કોન્સ્ટેબલ શ્રી રમેશે અપાર હિંમત, ઝડપી નિર્ણય લેવાની ક્ષમતા અને સમર્પણનું પ્રદર્શન કરતા પોતાનો જીવ જોખમમાં મૂકીને અને બેદરકારીને કારણે ટ્રેનમાંથી પડી ગયેલા ૩ વર્ષના છોકરાનો જીવ બચાવીને માનવતાનું ઉદાહરણ સ્થાપિત કર્યું.

પશ્ચિમ રેલ્વેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સકસેના દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર તારીખ ૧૬.૧૦.૨૦૨૫ ના રોજ ટ્રેન નં. ૧૯૦૩૮ બરૌની - બાંદ્રા ટર્મિનસ અવધ એક્સપ્રેસના કોચ નં. જી૫ માં શ્રી સંતોષ યાદવ તેમની પત્ની અને ૦૩ વર્ષના પુત્ર સાથે મુઝફ્ફરપુર થી વાપી જઈ રહ્યા હતા. મુસાફરી દરમિયાન, કાનસુધી-ગોધરા સેક્શન પર, ટ્રેન ગોધરા યાર્ડમાં પ્રવેશે તે પહેલાં, બાળક તેની માતા સાથે શૌચાલયમાં જતા સમયે અજાણતા દરવાજા નજીકથી લપસી ગયો અને બીજી રેલ્વે લાઈન પર પડી ગયો.



ફોટો કેપ્શન: શ્રી રમેશ જાધવ અને મુસાફર પરિવાર

બાળક પડી જતાં મુસાફરોએ તરત જ ચેઈન ખેંચી અને ટ્રેન રોકી દીધી. તે જ સમયે, ગોધરામાં ફરજ પર રહેલા કોન્સ્ટેબલ શ્રી રમેશ જાધવે ઘટના સ્થળે બાળકને જોયું. તે જ સમયે, ટ્રેન નં. ૧૨૯૫૧ મુંબઈ - નવી દિલ્હી તેજસ રાજધાની એક્સપ્રેસ રેલ્વે લાઈન પર આવી રહી હતી. પરિસ્થિતિની ગંભીરતા જોઈને શ્રી રમેશે પોતાનો જીવ જોખમમાં મૂકીને અને પોતાની સલામતીની ચિંતા કર્યા વગર, ખૂબ જ હિંમત, ઝડપી નિર્ણય લેવાની ક્ષમતા અને ફરજ પ્રત્યેની નિષ્ઠા દર્શાવી, ટ્રેક પર ખૂબ જ ઝડપે દોડ્યા અને આવી રહેલી ટ્રેન પહેલાં છોકરા સુધી પહોંચ્યા અને તેને સુરક્ષિત જગ્યાએ ખેંચી લીધો.

શ્રી રમેશે બાળકની તૈનાતી થી જીવ બચાવ્યા પછી, તેને તેના પરિવારને સોંપી દીધો. મુસાફરે પુષ્ટિ આપી કે તેના પુત્રને કોઈ ઈજા થઈ નથી અને તેણે તેની મુસાફરી ચાલુ રાખી.

આ ઘટના પછી કોચમાં હાજર તમામ મુસાફરો અને પરિવારના સભ્યોએ કોન્સ્ટેબલ શ્રી રમેશ જાધવના હિંમતભર્યા કાર્યની પ્રશંસા કરી અને તેમનો આભાર માન્યો.

પશ્ચિમ રેલ્વેને આવા સમર્પિત રેલ્વે કર્મચારીઓ પર ગર્વ છે જે લોકો માટે માનવતાનું ઉદાહરણ છે.

# રાજકોટના બિલ્ડરોને દિવાળી પહેલા મોટી રાહત આપવામાં આવી: ફાયર સેફ્ટીને લઈને બિલ્ડરોને દંડ ફટકારી BU પરમિશન અપાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટના બિલ્ડરોને દિવાળી પહેલા મોટી રાહત આપવામાં આવી છે.

ફાયર સેફ્ટી મુદ્દે બિલ્ડરોને દંડ ફટકારી બીયુ પરમીશન આપવામાં આવશે. ૧૦થી ૧૨ જેટલા એસોસિએશન દ્વારા બીયુ પરમીશન માટે સરકારને રજૂઆત કરવામાં આવી હતી.

રાજકોટમાં TRP ગેમઝોન અગ્નિકાંડ બાદ ફાયર સેફ્ટીનો મુદ્દો વધુ ચર્ચામાં આવ્યો હતો. આ ઘટના બાદ સમગ્ર ગુજરાતમાં ફાયર સેફ્ટીને લઈને ચેકિંગ હાથ ધરાયું હતું.

કેટલાક બાંધકામોને આ દરમિયાન સીલ મારવામાં આવ્યા હતાં. પરંતુ હવે રાજકોટના બિલ્ડરોને દિવાળી પહેલા મોટી રાહત આપવામાં આવી છે. ફાયર સેફ્ટી મુદ્દે બિલ્ડરોને દંડ ફટકારી બીયુ પરમીશન આપવામાં આવશે. પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રને મોટી રાહત આપવામાં આવી છે. રાજ્ય સરકારે દિવાળી પહેલા જ મોટી રાહત આપી છે. જેના કારણે રાજકોટમાં ૧૫ હજારથી વધુ બિલ્ડિંગોના બીયુ પરમીશનનો માર્ગ મોકળો થયો છે. રાજકોટમાં રીયલ એસ્ટેટ સાથે સંકળાયેલા ૧૦થી ૧૨ જેટલા એસોસિએશન દ્વારા બીયુ પરમીશન માટે સરકારને રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆત બાદ રાજકોટના બિલ્ડરોને દિવાળી પહેલા મોટી રાહત આપવામાં આવી છે. ૧૫ હજાર જેટલી બિલ્ડિંગોને બીયુ પરમીશનનો માર્ગ મોકળો બન્યો છે.રાજ્ય સરકારે ફાયર મુદ્દે બિલ્ડરોને દંડ ફટકારીને બીયુ પરમીશન આપવાનો નિર્ણય કર્યો છે.

હવે રાજકોટના બિલ્ડરોમાં દિવાળી પહેલા રાહત જોવા મળી છે. ફાયર સેફ્ટિને લઈને બિલ્ડરો દંડ ભરી પોતાની બિલ્ડિંગોની બીયુ પરમીશન મેળવી શકશે.

# નવા મંત્રી મંડળમાં સૌરાષ્ટ્રના ભાજપના કદાવર નેતા જયેશ રાદડીયાના સમર્થકોમાં નારાજગી : જયેશ રાદડીયાએ કહ્યુ કોઈ નારાજગી નથી




પ્રતિનિધિ,ગાંધીનગર

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકારના મંત્રી મંડળમાં આજે શુક્રવારે કભી ખુશી કભી ગમ જેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. જેમાં સૌથી વધુ નારાજગી ભાજપના કદાવર નેતા જયેશ રાદડીયાના સમર્થકોમાં જોવા મળી હતી. જે નારાજગી આગામી સમયમાં ભાજપને સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં નડી શકે છે.

જયેશ રાદડીયાનુ ગઈ કાલે મોડી રાત સુધી નામ નાયબ મુખ્યમંત્રી તરીકે ચાલી રહ્યુ હતુ ત્યારે અચાનક આજે શુક્રવારે સવારે મંત્રી મંડળના વિસ્તરણ અગાઉ જ જયેશ રાદડીયાનુ નામ મંત્રી મંડળ વિસ્તરણમાંથી કાઢી નાખવામાં આવતા સૌરાષ્ટ્રના પાટીદાર સમાજમાં નારાજગી જોવા મળી હતી.

કારણ કે જયેશ રાદડીયા માં વરસોથી ગળથુંથીમાં રાજકારણ છે. તેમના પિતા સ્વ. વિઠ્ઠલભાઈ રાદડીયા પણ રાજકારણમાં સક્રિય હતા ત્યારે અચાનક જયેશ રાદડીયાનુ નામ મંત્રી મંડળ વિસ્તરણના લીસ્ટમાંથી કાઢી નાખવામાં આવતા કયાંક નારાજગી જોવા મળી રહી છે. સુત્રો એવુ પણ કહી રહ્યા છે કે વિધાનસભાની ૨૦૨૭ ની ચુંટણીઓ અગાઉ કેટલાક મંત્રીઓની બાદબાકી કરી ફરી ૨ થી ૩ મંત્રીઓનો સમાવેશ કરવામાં આવશે તો જ ભાજપ માટે ૨૦૨૭ ની ચુંટણીઓમાં સારૂ પ્રદર્શન ભાજપ કરી શકે છે.

સૌરાષ્ટ્રના પાટીદારોમાં સૌથી વધુ રોષ હર્ષ સંઘવી વિરૂધ્ધ ઉઠી રહ્યો હોવાની ચર્ચાએ જોર પકડયુ છે. કારણ કે જેમની પાસે પુરતુ રાજકારણ કે અધિકારીઓ પાસેથી કામ લેવાનો પુરતો અનુભવ ન હોવા છતાં નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવતા સૌથી વધુ નારાજગી ત્યાં જોવા મળી રહી છે.

સહકારી દિગ્ગજ જયેશ રાદડીયાને અગાઉ કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહના અંગત બિપીન ગોતા સામે ચુંટણી લડી ને તેમને હરાવવાનુ ભારે પડયુ હોય એમ મનાય છે. એ વખતે તેમણે બિપીન ગોતા સામે સૌરાષ્ટ્રના મતદારોની કાર્ટેલ રચી હતી અને બિપીન ગોતાને પરાજયનો સામનો કરવો પડયો હતો. મંત્રી મંડળમાં જયેશ રાદડીયાનુ પત્તુ કાપીને અમિતભાઈએ હિસાબ સરભર કર્યો હોવાનુ મનાઈ રહ્યુ છે. પ્રદેશ પ્રમુખ તરીકે સીઆર પાટીલે સહકારી સંસ્થાઓની ચુંટણીઓમાં પાર્ટીનો મેન્ડેટ ફરજીયાત બનાવ્યો હતો ત્યારે જયેશ રાદડીયાએ તેનો ખુલીને વિરોધ કર્યો હતો અને સહકારી સંસ્થાઓમાં પાર્ટીના મેન્ડેટની કોઈ આવશ્યકતા ન હોવાનુ સમર્થન આપ્યુ હતું. નારાજગી મામલે તેમણે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યુ હતુ કે મને મંત્રી મંડળમાં સ્થાન ન મળ્યા થી કોઈ નારાજગી નથી આ તો એમ થયુ કે પાર્ટી મને મંત્રી પદ આપે તો ખુશ થાઉ અને ન આપે તો નારાજ થાઉ પણ ખરેખર એવુ નથી, રાદડીયાએ જણાવ્યુ હતુ કે પાર્ટી એ મારામાં વિશ્વાસ કરી મારી ૩૦ વરસની વયે મંત્રી પદની જવાબદારી સોંપી હતી. ૧૦ વરસથી મે પાર્ટીમાં કામ કર્યુ છે મંત્રી પદ ન મળવાથી કોઈ નારાજગી નથી, પાર્ટીએ જે જવાબદારી મને સોંપી છે તેનુ કામ કર્યુ છે. હું પાર્ટીથી રાજીનામુ આપ્યુ છે પાર્ટીએ નવા મંત્રી મંડળમાં ઝોન વાઈઝ પ્રધાન્ય આપ્યુ છે. હું તમામ નવા મંત્રીઓને અભિનંદન પાઠવુ છું.

નવ યુવાનોનો મંત્રી મંડળમાં સમાવેશ કરવાની વાતો માત્ર કાગળ પર સિમિત રહી

# ભુપેન્દ્ર પટેલની સરકાર દ્વારા કરવામાં આવેલ મંત્રી મંડળ વિસ્તરણ ભાજપમાં ભુકંપ સર્જે તેવા એંધાણ



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકારે મંત્રી મંડળનુ વિસ્તરણ નું વિસ્તરણ આગામી સમયમાં ભાજપમાં ભુકંપ સર્જી શકે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. કેટલાક છબી ખરડાયેલા મંત્રીઓનો રીપીટ કરવામાં આવતા ભાજપમાં બળવો ફાટી નિકળે તો નવાઈ નહી.

અગાઉ કહેવામાં આવતુ હતુ કે નવા મંત્રી મંડળમાં નવ યુવાનોનો ચહેરો જોવા મળશે પરંતુ આજના મંત્રી મંડળમાં કનુભાઈ દેસાઈ જેવા કે જેઓ અધિકારીઓને પુછી નિર્ણય લેતા હોય તે આગામી એક વરસના સમયગાળામાં પ્રજાના કામો કેવી રીતે કરી શકવાના છે ? કનુભાઈ દેસાઈ પોતે અધિકારીઓને પુછીને કામ કરી રહ્યા હોવાની ખુદ ભાજપના જ ધારાસભ્યો અગાઉ ફરીયાદો કરી ચુકયા હોવાની ચર્ચાઓ ઉઠી હતી. તેમ છતાં નવા મંત્રી મંડળમાં કનુભાઈ દેસાઈનો સમાવેશ કરવામાં આવતા ભાજપના ધારાસભ્યોમાં પણ નારાજગી જોવા મળી રહી છે તો બીજી તરફ કનુભાઈ દેસાઈ કાકા ના નામથી ઓળખાય છે. તેમજ સીનીયર સીટીઝન કહેવાતા કનુભાઈ દેસાઈ ની નબળી કામગીરી પણ દેખાતી હતી તેમની વય મર્યાદા પણ તેઓ વટાવી ચુકયા હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે. ત્યારે ફરી કનુભાઈ દેસાઈનુ મંત્રી મંડળમાં રીપીટ કરવામાં આવતા ભાજપમાં નારાજગીના સુર ઉઠી રહ્યા છે.

તો બીજી તરફ હર્ષ સંઘવીના કાર્યાલયે ૧૨ હજાર થી વધુ મંત્રીઓ અને ધારાસભ્યો ની ભલામણો ધુળ ખાઈ રહી હોવાની ચર્ચા ઓ ઉઠી હતી ત્યારે જો મંત્રીઓ અને ધારાસભ્યોના કામો વિભાગોના અધિકારીઓ પાસે કામ કરાવી શકતા ન હોય તો નાયબ મુખ્યમંત્રી પદે બેસી શું કામ કરી શકવાના છે તેવી ચર્ચાએ પણ જોર પકડયુ છે. નવ નિયુકત મંત્રીઓ પાસે હવે માત્ર એકાદ વરસનો સમયગાળો છે. આગામી ૨૦૨૭ માં વિધાનસભાની ચુંટણીઓ આવી રહી છે તો સામા પક્ષે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પણ ૨૦૨૭ ની વિધાનસભા ની ચુંટણીઓ જીતવા એડીચોટીનો જોર લગાડી રહી છે. હર્ષ સંઘવી મંત્રીઓ અને ધારાસભ્યોના કામો કરતા ન હોવાની નવ નિયુકત પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ અને સરકારી પ્રવકતા રહી ચુકેલા ઋષીકેશ પટેલ સુધી પણ ફરીયાદો પહોચી હતી. તેમ છતાં હર્ષ સંઘવીને નાયબ મુખ્યમંત્રી બનાવી ભાજપ હાઈકમાન્ડે મંત્રી મંડળ વિસ્તરણમાં કાચુ કાપ્યુ હોય તેવુ લાગી રહ્યુ છે.

# કુબેર ડીંડોર-બલવંતસિંહ રાજપુતની છબી મંત્રીના અંગત અધિકારીઓએ ખરડાવતા ભોગ લેવાયો





પ્રતિનિધિ,ગાંધીનગર

મંત્રી મંડળના વિસ્તરણમાં જેમના પત્તા કપાયા છે તેવા કુબેર ડીંડોર અને બલવંતસિંહ રાજપુત હાલમાં મંત્રીમાંથી ધારાસભ્ય બની ગયા છે.

મંત્રી મંડળમાંથી બાદબાકી થવાનુ મુખ્ય કારણ કુબેર ડીંડોરના અંગત સચિવનુ પ્રજા સાથે બેહુદુ વર્તન , બંધ બારણે બેનંબરી ફાઈલો કલીયર કરવી જેવી અનેક ફરીયાદોને લઈ કુબેર ડીંડોરનો ભોગ લેવાયો હોવાનુ પણ ચર્ચાઈ રહ્યુ છે. અંગત સચિવ કેટલીક વખત મીડીયાને પણ કહી ચુકયા છે કે સાહેબની મંત્રી મંડળમાંથી બાદબાકી ન થાય અને જો મંત્રી ની બાદબાકી કરવાની હોય તો સાહેબને પહેલુ પુછવામાં આવશે.

આમ અંગત સચિવના મુંગેરીલાલના હસીન સપના પણ કયાંક પરીબળ ભજવી ગયા હોય તેવુ લાગી રહ્યુ છે. તો બીજી તરફ બલવંતસિંહ રાજપુત ઉદ્યોગકારો સાથે બંધ બારણે મીટીંગોમાં રચ્યા પચ્યા રહી તેમના માનીતા ઉદ્યોગ વિભાગના અધિકારી પાસે ધારાસભ્યો અને પ્રજાને મોકલી કામ કરાવી રહ્યા હતા. જેને લઈ ઉદ્યોગ વિભાગના અધિકારીને ઘી કેળા થઈ જતા હતા. તો સામે બલવંતસિંહ રાજપુત પણ પોતાનો બોઝ ઉદ્યોગ વિભાગ ના અધિકારી ઉઠાવી લેતા હોવાને કારણે રાજપુત પણ ખુશ હતા. અધિકારી વિરૂધ્ધની ફરીયાદો બલવંતસિંહ રાજપુત સુધી પહોચી હોવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા છેક હાઈકમાન્ડ સુધી મીડીયાના માધ્યમથી પહોચી હોવાનુ જે તે સમયે ચર્ચાયુ હતું. જેને લઈ બલવંતસિંહ રાજપુતની મંત્રી મંડળ વિસ્તરણમાંથી બાદબાકી કરાઈ હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે.

# બલવંતસિંહ રાજપુતને મંત્રી પદ ન મળતા સિધ્ધપુર વાસીઓએ ફટાકડા ફોડી કરી ઉજવણી




પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના પાટનગર ગાંધીનગરમાં આજે શુક્રવારે ફરી એક નવા મંત્રી મંડળ સાથે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ટીમના ૨૬ મંત્રીઓએ શપથગ્રહણ કર્યા હતા. આ દરમિયાન જુના ૧૦ મંત્રીઓને પડતા મુકવામાં આવ્યા છે. કેટલાક મંત્રીઓને વિવાદ નળ્યો જેથી તેઓને છોડી દેવામાં આવ્યા હતા.

જો કે સિધ્ધપુરના ધારાસભ્ય અને રાજયના પુર્વ ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપુતને નવા મંત્રી મંડળમાં સ્થાન ન મળતા સિધ્ધપુરમાં યુવાનોએ ફટાકડા ફોડી ખુશી દર્શાવી હતી. હિરાબા સરોવરમાં કેટલાક યુવકોએ ફટાકડા ફોડી પોતાનો આનંદ દર્શાવતો વિડીયો વાયરલ કર્યો હતો. જો કે હિરાબા સરોવરના નામકરણને લીધે વિવાદ થયો હતો જે સિધ્ધપુરની પ્રજાના વિરોધ વચ્ચે નામકરણ થયુ હતું. બલવંતસિંહ રાજપુત વર્ષ ૨૦૨૨ ની વિધાનસભા ચુંટણીમાં પાટણ જિલ્લાની સિધ્ધપુર વિધાનસભા બેઠક જીતીને ધારાસભ્ય બન્યા હતા ત્યારબાદ તેમને ભુપેન્દ્ર પટેલ સરકારમાં મંત્રી બનવાની તક મળી હતી. બલવંતસિંહ રાજપુતે કોંગ્રેસના નેતા ચંદનજી ઠાકોરને હરાવ્યા હતા.બલવંતસિંહ રાજપુત ઉદ્યોગમંત્રી તરીકે સેવા આપતા હતા. ઉલ્લેખનીય છે કે ઓપરેશન સિંદુરબાદ ગુજરાતના પ્રથમ પ્રવાસે વડાપ્રધાન મોદી ગુજરાત આવ્યા ત્યારે સમય કાઢી વડાપ્રધાન મોદી બલવંતસિંહ રાજપુતના દિકરાના લગ્નમાં સામેલ થયા હતા.

બલવંતસિંહ રાજપુત ગુજરાતના સૌથી ધનવાન ધારાસભ્ય છે. તેમણે વર્ષ ૨૦૨૨ ની ચુંટણીમાં રૂપીયા ૪૪૭ કરોડની સંપત્તિ જાહેર કરી હતી. આમા રૂપીયા ૨૬૬ કરોડ થી વધુની સ્થાવર સંપત્તિ અને રૂપીયા ૧૦૨ કરોડથી વધુની સ્થાવર સંપત્તિનો સમાવેશ થાય છે. ભાજપમાં જોડાતા પહેલા તેઓ કોંગ્રેસના સભ્ય હતા, તેઓ મધ્ય પ્રદેશના ભોપાલમાંથી ગ્રેજયુએટ થયા હતા તેઓ ગુજરાત સરકારમાં કેબિનેટ મંત્રી નુ પદ ધરાવતા હતા. જેમાં ઉદ્યોગ, નાગરીક ઉડ્ડયન, ગ્રામિણ વિકાસ અને શ્રમ રોજગાર જેવા વિભાગોનો સમાવેશ થતો હતો.

વર્ષ ૨૦૧૭ માં રાજય સભાની ચુંટણી પછી તેઓ ભાજપમાં જોડાયા હતા. ધારાસભ્ય અને મંત્રી હોવા છતાં બલવંતસિંહ રાજપુત ગુજરાત સરકાર પાસેથી એક પણ રૂપિયો લેતા ન હતા. તેઓ ચેરીટેબલ હોસ્પીટલો, શાળાઓ, કોલેજો, યુનિર્વસિટીઓ, ટીફીન સેવા અને અંતિમધામ જેવા પ્રોજેકટ સહિત સામાજિક સેવામાં કરોડો રૂપિયા ખર્ચ કરે છે. બલવંતસિંહ રાજપુત શરૂઆતમાં પાનનો ગલ્લો ધરાવતા હતા. જેને લઈ રાજપુતની સુખી સંપત્તિને કારણે મંત્રીના સ્ટાફને ઘી કેળા થઈ જતા હતા.

# નવા મંત્રી મંડળ મુદ્દે કોંગ્રેસના અમિત ચાવડાએ સરકાર પર કર્યા પ્રહારો : ચહેરા બદલવાથી પાપ નહી ધોવાય




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ રાજયમાં થયેલા નવા મંત્રી મંડળની રચના અને મુખ્યમંત્રી બદલવાના નિર્ણય પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યુ હતુ કે ભારતીય જનતા પાર્ટી એ ભલે ચહેરા બદલ્યા હોય પરંતુ તેમની નીતી અને નિયત જનતા હવે સારી રીતે ઓળખી ગઈ છે. માત્ર ચહેરા બદલવાથી સરકારના પાપ ધોવાઈ જતા નથી અને આ મંત્રી મંડળના ફેરફારથી સામાન્ય જનતાને કોઈ સીધો ફાયદો થવાનો નથી.

ચાવડાએ એવી ચર્ચા પર પણ ભાર મુકયો કે નાયબ મુખ્યમંત્રીની જાહેરાત થઈ છે ત્યારે હવે બિહારની ચુંટણી બાદ કપ્તાન (મુખ્યમંત્રી) પણ બદલાશે. તેમણે સ્પષ્ટપણે કહ્યુ હતુ આખી ભાજપ સરકાર પોલીસી પેરાલીસીસથી પીડીત છે. કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ મંત્રી મંડળના ફેરબદલની કાર્યવાહીને મુખ્યમંત્રીની નિષ્ફળતા ગણાવી હતી. તેમણે કહ્યુ હતુ કે જો ભાજપે ૫૦ ટકા જેટલા મંત્રીઓને પડતા મુકયા હોય તો તેનો સ્પષ્ટ અર્થ એ થાય છે કે તે મુખ્યમંત્રીની ફેઈલ ટીમ હતી. ચાવડાએ પૂર્વ મંત્રીઓ પર ગંભીર આક્ષેપો મુકતા જણાવ્યુ હતુ કે અનેક મંત્રીઓ ભ્રષ્ટાચાર અને ગેર વહિવટમાં સંડોવાયેલા હતા.

તેમણે ઉદાહરણ આપતા કહ્યુ કે બચુ ખાબડ પર મનરેગા કૌભાંડ, બલવંતસિંહ રાજપુત પર જીઆઈડીસી કૌભાંડ, ભીખુસિંહ પરમાર પર બીઝેડ કૌભાંડ અને મુકેશ પટેલના પરીવારના લોકો હથિયારના લાયસન્સના કૌભાંડમાં સંડોવાયેલા હોવાની ફરીયાદો હતી. તેમ છતાં ભાજપ સરકારે અઢી વરસ સુધી તેમની સામે કોઈ કાર્યવાહી કરી ન હતી.

તેમણે સવાલ ઉઠાવ્યો કે વિકાસ સપ્તાહની ઉજવણી કર્યા પછી જ સરકારને કેમ ખબર પડી કે તેમનો વહિવટ ખાડે ગયો છે ? અમિત ચાવડાએ મંત્રી મંડળમાંથી પડતા મુકવામાં આવેલા કેટલાક અગ્રણી નેતાઓ પર પણ નિવેદન આપ્યુ હતુ તેમણે કહ્યુ હતુ કે ભાજપે એવા નેતાઓને પડતા મુકયા છે જેમનુ પોતાના સમાજમાં નામ છે. પરંતુ જેઓ પક્ષના કહ્યાગરા નથી, વન મંત્રી મુળુભાઈ બેડા પોતે પ્રમાણિક અને નિષ્ઠાપૂર્વકના મંત્રી હોવા છતાં તેમની બાદબાકી કરાઈ છે. તેમણે જયેશ રાદડીયા, અલ્પેશ ઠાકોર સહિતના નેતાઓના નામ ઉલ્લેખનીય ગણાવ્યા હતા. ચાવડાએ આક્ષેપ કર્યો હતો કે રીમોર્ટ કંટ્રોલથી સરકાર ચલાવનાર નેતાઓને માત્ર એવા નેતાઓ જ ગમે છે જે તેમના કહ્યાગરા હોય, આ ફેરફારો સરકારના આંતરીક રાજકારણ અને નિયંત્રણની નીતી દર્શાવે છે. જેનો જનતાના વિશ્વાસ સાથે કોઈ સંબંધ નથી. તો બીજી તરફ જે મંત્રીના રાજમાં ગુજરાતમાં બહેન બેટીઓ સલામત રહેતી ન હતી. તેમજ ગુજરાતમાં લુંટફાટ, બળાત્કાર, હત્યા જેવા બનાવો બન્યા હતા તેવા મંત્રીને નાયબ મુખ્યમંત્રી બનાવાયા છે.

# ગુજરાતના નવા મંત્રી મંડળમાં મહિલાઓનો પાવરઃ ૩ મહિલા ધારાસભ્યોને અપાયુ મંત્રી પદઃ કેબિનેટમાં સ્થાન નહી



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રાજયના મુખ્યમંત્રી એ મહિલા સશકિતકરણના ઉદ્દેશ સાથે નવનિયુકત મંત્રી મંડળમાં ૩ મહિલા ધારાસભ્યોને સ્થાન આપીને રાજયની રાજનીતીમાં મહિલાઓના પ્રતિનિધિત્વને મજબુત બનાવ્યુ છે.

વડોદરાના અનુભવી નેતા મનિષા વકીલ સાથે જ જામનગર ઉત્તર ના રીવાબા જાડેજા અને અમદાવાદના દર્શના વાઘેલાને મંત્રી મંડળમાં સમાવેશ કરીને અનુભવ અને યુવા ઉર્જાનુ સંતુલન જાળવવામાં આવ્યુ છે. આ ત્રણેય મહિલા નેતાઓ રાજયના વિવિધ પ્રદેશોનુ પ્રતિનિધિત્વ કરે છે જે પ્રાદેશિક સંતુલન જાળવવામાં અને વિવિધ સમાજની મહિલાઓના મુદ્દાઓને સરકાર સુધી પહોચાડવામાં મદદરૂપ થશે. જેમાં મનિષા વકીલની વાત કરીએ તો મનિષા વકીલ શિક્ષણ અને રાજકીય અનુભવનુ સંમિશ્રણ છે તેઓ વડોદરા શહેર (અનામત બેઠક) ના ધારાસભ્ય છે. તેમણે એમએ બીએડ (અંગ્રેજી સાહિત્ય) અને પીએચડી સુધીનો અભ્યાસ કર્યો છે. રાજકારણમાં પ્રવેશતા પહેલા બ્રાઈટ ડે સ્કુલમાં શિક્ષિકા અને સુપરવાઈઝર તરીકે ફરજ બજાવી હતી. તેઓ વર્ષ ૨૦૧૨, ૨૦૧૭ અને ૨૦૨૨ માં સતત ૩ વખત ચુંટણી જીત્યા છે. ૨૦૨૨ ની ચુંટણીમાં ૧,૩૦,૭૦૫ મતોના મોટા માર્જીનથી જીત મેળવી હતી. તેઓ ૨૦૨૧ માં પ્રથમ વખત મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રી બન્યા હતા. બાદમાં ૨૦૨૫ ના નવા મંત્રી મંડળમાં ફરી સ્થાન મેળવ્યુ છે. તો બીજી તરફ રીવાબા જાડેજા યુવા નેતા અને સામાજિક કાર્યકર છે. જામનગર ઉત્તરના ધારાસભ્ય છે. તેઓ ગુજરાત ટેકનોલોજીકલ યુનિર્વસિટી (જીટીયુ) માં થી મિકેનીકલ એન્જીનીયરીંગમાં સ્નાતક છે.(બીઈ) પિતા હરદેવસિંહ સોલંકી ઉદ્યોગપતિ અને સામાજિક કાર્યકર છે, મહિલા સશકિતકરણના ઉદ્દેશથી માતૃશકિત ચેરીટેબલ ટ્રસ્ટ નામનુ એનજીઓ શરૂ કર્યુ છે. વર્ષ ૨૦૧૯ માં ભાજપમાં જોડાયા હતા. અગાઉ કરણી સેનાના સભ્ય તરીકે ફીલ્મ પદમાવતના વિરોધમાં મહત્વની ભુમિકા ભજવી હતી અને બાદમાં કરણી સેનાની મહિલા વિંગના વડા બન્યા હતા. ભારતીય ક્રિકેટર રવિન્દ્ર જાડેજા સાથે ૨૦૧૬ માં લગ્ન કર્યા છે અને તેમને એક પુત્રી છે. તો બીજી તરફ દર્શના વાઘેલા એક અનુભવી નેતા છે, અમદાવાદ જિલ્લામાં અનુસુચિત જાતિ (એસસી) સમુદાય માટે અનામત અસારવા મતવિસ્તારના ધારાસભ્ય છે. બીકોમ સુધીનો અભ્યાસ કરેલો છે. રાજયની રાજનીતીમાં પ્રવેશતા પહેલા અમદાવાદ મહાનગરપાલિકા માં મહત્વની ભુમિકા ભજવી હતી અને બે વખત (એક-એક વરસના કાર્યકાળ માટે ) અમદાવાદના પૂર્વ ડે.મેયર તરીકે સેવા આપી ચુકયા છે. ૨૦૨૨ ની વિધાનસભા ચુંટણીમાં જીત મેળવ્યા બાદ ૨૦૨૫ ના મંત્રી મંડળમાં તેમને સ્થાન મળવાથી અમદાવાદ શહેરનુ પ્રતિનિધિત્વ મજબુત બન્યુ છે. મુખ્યમંત્રીના આ નિર્ણયથી ગુજરાતની મહિલાઓને રાજકીય અને સામાજિક ક્ષેત્રે આગળ વધવાનો મજબુત સંદેશ મળ્યો છે. સાથે જ પ્રાદેશિક અને અનુભવી પ્રતિનિધિત્વનુ સંતુલન જળવાયુ છે.

# મુળુ બેરા ના સ્થાને ઉદય કાનગડને બદલે અંજારના ત્રિકમ છાંગાનો કરાયો સમાવેશ : સીઆર પાટીલની ખુબ નજીક હોવાને કારણે ઉદય કાનગડનુ પત્તુ કપાયુ હોવાની ચર્ચા




પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાત રાજયના મંત્રી મંડળમાંથી જો ભાણવડ ના ધારાસભ્ય મુળુભાઈ બેરાને રીપીટ નહી કરાય તો રાજકોટના ધારાસભ્ય અને આહીર સમાજના યુવા નેતા ઉદય કાનગડનો મંત્રી મંડળમાં સમાવેશ થશે તેવી વાત હતી. પરંતુ મુળુભાઈ બેરાની બાદબાકી બાદ આહીર સમાજમાંથી કચ્છના અંજારના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગાનો સમાવેશ કરાયો છે. તેથી ઉદય કાનગડની બાદબાકી થઈ છે.

આહીર સમાજના એક ધારાસભ્યને મંત્રી મંડળમાંથી પડતા મુકાયા તો તેમની સામે અન્ય ધારાસભ્યને મંત્રી પદ અપાતા સોશીયલ એન્જીનીયરીંગ બેલેન્સ થયુ છે. સીઆર પાટીલની ખુબ નજીક હોવાને કારણે કાનગડ નુ પત્તુ કપાયુ હોવાનુ ચર્ચા છે અને તેમને બહાનુ બતાવી શકાય તે માટે છાંગા ને આહીર તરીકે મંત્રી પદ આપવામાં આવ્યુ છે. અલબત્ત એક વર્ગ એવુ પણ માને છે કે ઉદય કાનગડને પ્રદેશ સંગઠન માટે રીઝર્વ રખાયા છે અને આગામી દિવસોમાં તેમને પ્રદેશ ભાજપના નવા માળખામાં મહત્વપૂર્ણ સ્થાન અપાશે. જયારે એક વર્ગનો તર્ક એવો છે કે ખુદ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા ઓબીસી સમાજમાંથી આવતા હોય હવે મહામંત્રી કે અન્ય કોઈ પદ મહત્વપૂર્ણ પદ ઉપર ઉદય કાનગડ કે અન્ય કોઈપણ ઓબીસી નેતાને સ્થાન મળે તેવી શકયતા ખુબ ઓછી છે.

ત્રિકમ છાંગા કરતા ઉદય કાનગડ વધુ મજબુત દાવેદાર હતા છતાં ભારે ખેંચતાણ અને લોબીંગના અંતે ત્રિકમ છાંગાને મંત્રી પદ અપાયુ છે. ઉદય કાનગડ પ્રદેશ ભાજપમાં ચાલતા જુથવાદનો ભોગ બન્યાની પણ કાર્યકરોમાં ચર્ચા છે.

# કોંગ્રેસ છોડી કમળ પકડનારા ૩ દિગ્ગજ નેતાઓના લીલીપેન થી સહી કરવાના ચકનાચુર થયાઃ દિલ કે અરમા આંસુ ઓ મેં બહ ગયે, હમ વફા કર કે ભી રહ ગયે




પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

આજે શુક્રવારે મંત્રી મંડળના વિસ્તરણ વખતે કોંગ્રેસમાંથી આવેલા ૩ ધારાસભ્યો પ્રેક્ષક બનીને બેઠા રહ્યા હતા. અમુકના સપના આજે ફરી ચકનાચુર થયા હતા.

અલ્પેશ ઠાકોર, હાર્દિક પટેલ અને સી જે ચાવડા કોગ્રેસમાંથી આવ્યા હતા. સી જે ચાવડા અર્જુનભાઈ સાથે આવ્યા હતા. અને મંત્રી મંડળમાં સ્થાન મળશે તેવુ લાગતુ હતુ પરંતુ આ ત્રણેય ધારાસભ્યો ચુપચાપ શપથવીધી જોતા રહ્યા હતા.